જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૦-૦૧-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

અનામત પર ભ્રમ ફેલાવનારાને લોકસભામાં જોરદાર જવાબ મળ્યો : પીએમ મોદી

નોર્થ ઈસ્ટનાં લોકો પર આંચ નહિ આવે, વચેટીયાઓ મલાઈ ખાતા પરંતુ હવે બંધ થયા

સોલાપુર

વડાપ્રધાન મોદીએ મહારાષ્ટ્રનાં સોલાપુર ખાતેની રેલીમાં મધ્યમ વર્ગ અને આર્થિક પછાત લોકોને શિક્ષણ અને સરકારી નોકરીમાં ૧૦% અનામત આપવાની વાતનો ઉલ્લેખ કર્યો. વધુમાં કહ્યું કે, મંગળવારે લોકસભામાં ઐતિહાસીક નિર્ણય લેવામાં આવ્યો હતો. દેશમાં અનામતનાં નામે ઘણા લોકો જુઠ્ઠાણું ફેલાવી રહ્યા હતા કે દલિતો, પછાતો અને આદિવાસીઓને મળેલી અનામતમાં ઘટાડો કરવામાં આવશે. પરંતુ અમે કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વગર ૧૦% અનામત આપી દરેકની સાથે ન્યાય કર્યો છે.

વડાપ્રધાને કહ્યું કે, મધ્યમ વર્ગને ૧૦ ટકા અનામત પર મહોર લગાવીને સૌનો સાથ સૌનો વિકાસનાં મંત્રને વધુ મજબૂત કરવાનું કામ કર્યું છે. દરેક વર્ગને આગળ વધવાનો અવસર મળે આ સંકલ્પ સાથે અમે જનતાનાં ઉજ્જ્વળ ભવિષ્ય માટે સમર્પિત છીએ.

બંધારણીય બિલ ૨૦૧૬ મંગળવારે લોકસભામાં પાસ થઈ ગયું છે. હું ખાસ કરીને આસામનાં ભાઈ-બહેનોને વિશ્વાસ અપાવું છું કે આ નિર્ણય થી અહીનાં લોકો પણ સહેજ પણ આંચ આવવા દઈશ નહિ. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, અમે કાલે લોકસભામાં દલિતો, આદિવાસીઓ, અને ઓબીસીને જે અનામત મળે



છે તેમાં કોઈ ઘટાડો કર્યા વગર સામાન્ય વર્ગને અનામત આપવાનું કામ કરીને બતાવ્યું છે. તેનાથી વિપક્ષના મોં પર જોરદાર તમાચો લાગ્યો છે.

બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફગાનિસ્તાથી ભારત આવનારા લોકો કે જે ભારત મા ની જય જયકાર બોલાવે છે. આ દેશમાં માટીને પ્રેમ કરનારા લોકોને સંરક્ષણ આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીએ સરકારે કર્યું છે.

મોદીએ કહ્યું કે, નવા ભારતમાં નવી વ્યવસ્થાઓના નિર્માણનો સંકલ્પ ભાજપની સરકારે કર્યો છે, જે સ્તરે અને જે ગતિથી દેશમાં કામ થઈ રહ્યું છે તેનાથી સામાન્ય જીવનને સરળ બનાવવામાં પણ ઝડપ આવી છે.

જ્યારે દિલ્હીમાં રિમોર્ટ કંટ્રોલવાળી સરકાર ચાલતી હતી. ત્યારે ૨૦૦૪ થી ૨૦૧૪માં શહેરી ગરીબો માટે ૧૩ લાખ ઘર બનાવવા અંગેનો નિર્ણય કાગળો પર થયો હતો. જેમાં ફક્ત ૮ લાખ ઘર જ બન્યા હતા. અમારા ૪.૫ વર્ષમાં ૭૦ લાખ ઘરોને અનુમતી અપાઈ છે અને અત્યાર સુધી ૧૪ લાખ ઘર બનીને તૈયાર છે. હુ છાપામાં જોયું કે હેલિકોપ્ટર કૌભાંડમાં સામેલ વચેટીયો ફક્ત હેલિકેપ્ટર કૌભાંડમાં જ સામેલ ન હતો, પરંતુ પહેલાની સરકારનાં સમયે ફ્રાંસથી જે લડાકુ વિમાનોનો સોદો કરાયો હતો તેમાં પણ તેની ભૂમિકા હતી. પહેલા વચેટીયાઓ મલાઈ ખાતા હતા પરંતુ તે હવે બંધ થઈ ગયુ છે. ચોરી કરનારાઓની દુકાન બંધ થઈ ગઈ છે, અને ગરીબોનો પૈસો હવે સીધો તેમની પાસે જ જાય છે.

રાહુલ ગાંધીએ જયપુરમાં ખેડૂતોની રેલીને સંબોધી, સભાસ્થળે લાગ્યા વિચિત્ર પોસ્ટર

મોદી બેકફૂટ પર રમ્યા, પણ દેશનો ખેડૂત ફંટફૂટ પર રમશેઃ રાહુલ ગાંધી

જયપુર

ત્રણ રાજ્યોમાં મળેલી જીત બાદ ખેડૂતોને કરવામાં આવેલો દેવામાફીના વચન પાળી બતાવ્યા બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ જયપુરમાં ખેડૂતોની રેલીને સંબોધી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, અમે દેખાડી દીધું છે કે, જે કામ નરેન્દ્ર મોદી છેલ્લા સાડા ચાર વર્ષમાં નથી કરી શક્યા તે અમે માત્ર ૩ દિવસમાં કરી દેખાડ્યું.

રેલીને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ખેડૂતોના સારા ભવિષ્ય માટે નવી નીતિઓ બનાવવાની જરૂર છે. નવા વિચારની જરૂર છે. ખેડૂતોની ખેતી દુનિયાના મોટા-મોટા શહેરોને જોડવાનું કામ કરશે. અમારી સરકારે રાજસ્થાનને કોલ્ડ ચેન અને નવી ટેક્નોલોજી આપી ખેડૂતોની જીંદગી બદલવા માંગે છે. ખેડૂતોએ નરેન્દ્ર મોદીને તેમની તાકાતનો પરચો બતાવી દીધો છે, હવે દુનિયાને દેખાડશે.

રાહુલ ગાંધીએ બુધવારે રાજસ્થાનમાં એક રેલીને સંબોધી સંભવતઃ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીના પ્રચારનું બ્યુગલ ફૂંકી દીધું છે. તેમણે બુધવારે જયપુર ખાતે એક રેલીને સંબોધી હતી. તેમાં તેમનો મુદ્દો ખેડૂતો પર અને નરેન્દ્ર મોદી પર પ્રહારો કરવા પર કેન્દ્રીત રહ્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતનો ખેડૂત હવે બેકફૂટ પર ના રમે. હું ઈચ્છું છું કે, હિંદુસ્તાનનો યુવા, ખેડૂત ફંટફૂટ પર રમે અને છક્કા ફટકારે. નરેન્દ્ર મોદી તો અત્યાર સુધી બેકફૂટ પર રમ્યા છે પણ અમે આમ નહીં કરીએ. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હિંદુસ્તાનના યુવાઓએ હવે કોઈનાથી ડરવાની જરૂર નથી. નરેન્દ્ર મોદીએ ૫ વર્ષમાં જે વાયદા કર્યા. જ્યારે અમે તો ૨ જ દિવસમાં દેવા માફ કરીને દેખાડી દીધા. મોદી સાડા ચાર વર્ષમાં ખેડૂતોનું માફ કરી શક્યા નથી. રાહુલ ગાંધીએ બુધવારે ફરી એકવાર રાફેલ મુદ્દો ઉખેળ્યો હતો. તેમણે કહ્યું હતું કે, અમે રાફેલ ડીલને લઈને તપાસ ઈચ્છએ છીએ. અમે આ માટે જેસીપીની માંગણી પણ કરી શકીએ છીએ. ૫૬ ઈંચની છાતી ધરાવતા વડાપ્રધાન લોકસભામાં એક મીનીટ માટે પણ આવતા નથી.

જેટલી ૧ ફેબ્રુઆરીએ રજૂ કરશે વચગાળાનુ બજેટ

ન્યુ દિલ્હી

આ વખતે સરકાર તરફથી બજેટ ૧ ફેબ્રુઆરીના રોજ રજુ કરવામાં આવશે અને તે કામચલાઉ બજેટ હશે. ૩૧ જાન્યુઆરીથી ચાલુ થનારા બજેટ સત્રને ૧૩ ફેબ્રુઆરી સુધી ચાલશે. સંસદીય મુદ્દે જોડાયેલી કમિટીની તરફથી આ પ્રકારનો નિર્ણય લેવામાં આવ્યો છે. નાણા મંત્રાલયમાં ૨૦૧૯-૨૦ માટે અંતરિમ બજેટ તૈયાર કરવા માટેનું કામ પહેલાથી જ ચાલુ થઇ ચુક્યું છે. ૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ અંતરિમ બજેટ સંસદમાં નાણામંત્રી અરૂણ જેટલી રજુ કરશે. બજેટ ભાષણ માટે અલગ અલગ મંત્રાલયો પાસેથી પોતાના મંતવ્યો મંગાવવા અંગે પહેલા જ કહેવામાં આવી ચુક્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯માં યોજાનાર લોકસભા ચૂંટણી પહેલા એનડી સરકારનું આ અંતિમ બજેટ છે. વર્ષ ૨૦૧૭થી રેલ બજેટ અને સામાન્ય બજેટ એક સાથે રજુ કરવામાં આવે છે. મોદી સરકાર રેર બજેટ અને સામાન્ય બજેટને અલગ અલગ રજુ કરવાની પરંપરાને રદ કરી દીધી હતી. આ વખતે વચગાળાનું બજેટમાં મોદી સરકાર મિડલ ક્લાસને લોભાવવા માટે સેલરાઈડ ક્સાલને ઈનકમ ટેક્સમાં છુટ આપવાની જાહેરાત કરી શકે છે. સુત્રો અનુસાર નાણામંત્રાલય બચત સીમા વધારવા, પેન્શનર્સ માટે ટેક્સ લાભ અને હાઉસિંગ લોનનાં વ્યાજ પર વધારે છુટ આપવા જેવા વિકલ્પ અંગે પણ વિચાર કરી રહ્યું છે.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હૃદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

સર્વિસ પ્રોવાઈડર નિમવાના છે

MARKET4U (રજી.) કંપની ને પોતાના જાહેરાત,મેરેજ, લગ્ન ના ઓન-લાઈન પ્લેટફોર્મ ની સેવાઓ માટે ગુજરાત ના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંક માં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાં ના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યકિતઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે)

7575006847, 7575006848
7575006850 (વોટ્સએપ) સમય 10am to 5pm

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :
નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

Paras SAREES & DRESS MATERIALS
આવતી કાલે રવિવારે શોરૂમ ખુલ્લો રહેશે
સેલ 30% ડિસ્કાઉન્ટ
3 સાડી નેન્સી ₹330
3 સાડી અલબેલી બ્લાઉઝ સાથે ₹450
3 કોટન ડ્રેસ મટીરીયલ દુપટ્ટા સાથે ₹999
પરાગ હાઉસ, ઉધના દરવાજા, રીંગ રોડ, સુરત. Mo. : 98251 00702

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. ગ્રાહકતામાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ સભ્યપદમાંથી વસુલવા જશો, જે માટે સાથે દર્શાવેલ ફોટક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની બેરોજગાર અવસ્થા કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રોટો મોડવી કપાવી)
આપની કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે ગ્રાહકતામાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ત્રોટો મોડવી કપાવી)
આપની કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે ગ્રાહકતામાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

આવતીકાલથી ધોરડોમાં બે દિવસ દેશ-વિદેશના પતંગબાજોના અવનવા કલાત્મક પતંગોથી ગગન રંગબેરંગી ઉત્સવમય બનશે

૧૨ દેશોના ૪૮ કાઈટીસ્ટો બનશે સફેદ રણના મોંઘેરા મહેમાન

ભુજ, ધોરડો સફેદ રણમાં ૧૨ દેશોના ૪૮ પતંગબાજો આગામી ૧૧મી અને ૧૨મી જાન્યુઆરીએ કચ્છના મહેમાન બની ધોરડોમાં બે દિવસ સુધી અવનવા કલાત્મક રંગબેરંગી પતંગો ઉડાડીને તેમના કરતબો રજૂ કરશે.

આજે ભુજ ખાતે કલેકટર કચેરીમાં અધિક કલેકટર કે.એ.ઝાલાના અધ્યક્ષપદે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૯ કાર્યક્રમના આયોજન સંબંધે યોજાયેલી બેઠકમાં વિવિધ દેશોમાંથી આવનાર પતંગબાજો માટે કન્ટ્રીવાઈઝ સ્ટોલ બનાવવા, તેમના સ્વાગત સમયે પારંપરિક સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવા, તેમની સલામતિ વ્યવસ્થા જાળવવા ઉપરાંત કાર્યક્રમ સ્થળે સાફ-સફાઇ, પાણીની વ્યવસ્થા સહિતની આનુષાંગિક બાબતોની બેઠકમાં છણાવટ કરાઇ હતી.

ભુજ પ્રાંત આર.જે.જાડેજા સમગ્ર પતંગ મહોત્સવ કાર્યક્રમનું સુપરવિઝન કરવાના હોઇ સંબંધિત વિભાગના અધિકારીઓને પરસ્પર સંકલનમાં રહી કામગીરી કરવાના ઝાલાએ નિર્દેશો આપ્યાં હતા.

જિલ્લા કલેકટર શ્રીમતી રેમ્યા મોહનના અધ્યક્ષપદે યોજાનારા આ આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવમાં ફ્રાંસ, જર્મની, હંગેરી, ઇઝરાયેલ, ઇટાલી, કેન્યા, કોરિયા રીપબ્લિક કુવૈત, લિથુઆનિઆ, મલેશિયા, મેકસિકો અને ઇન્ડોનેશિયા એમ બાર દેશોના ૪૮ કાઇટ ફલાયર્સ ભાગ લઇ રહ્યા છે.

બેઠકમાં ભુજ ડીવાયએસપી પંચાલ, ભુજ મામલતદાર શ્રી સોની, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર, તાલુકા વિકાસ અધિકારી ભટ્ટી, ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર સંદીપસિંહ ઝાલા, પા.પુ.ના રામાનુજ, માર્ગ-મકાનના ગોસ્વામી તેમજ પશુપાલન અને આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હળવદ તાલુકા ના ઘનશ્યામપુર ગામે ગૌમાતા તેમજ નંદી પર એસિડ એટેક





જીવદયા પ્રેમીઓ માં ભારે રોષ ભભૂક્યો

હળવદ તાલુકા ના ગોરી ઘનશ્યામપુર ગામ માં ગૌમાતા પર એસિડ એટેક થતા હળવદ પંથક માં ચકચાર મચી જવા પામ્યો છે અને હળવદ તાલુકા માં અવારનવાર આવી રીતે ગૌવંશ પર એસિડ એટેક થતા જીવદયા પ્રેમીઓ માં રોષ ની લાગણી ભભૂકી ઉઠી છે ત્યારે તાજેતર માં જ ગોરી ઘનશ્યામપુર ગામે ૧ ગૌમાતા અને ૧ નંદી પર એસિડ એટેક થતા ગામ ના સ્થાનિકો દ્વારા શ્રી રામ ગૌશાળા ખાતે જાણ કરાતા શ્રી રામ ગૌશાળા ની એમ્બ્યુલન્સ દ્વારા હળવદ પ્રાથમિક સારવાર કરાવી અને વધુ સારવાર માટે શ્રી યદુનંદન ગૌશાળા એ મોકલવાની કામગીરી હાથ ધરી છે ત્યારે પોલીસ આવા નરાધમ અને અસામાજિક તત્વો ને વહેલી તકે પકડી અને કાયદેસર નીકાર્યવાહી કરી કાયદા નું ભાન કરાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે

મોરબી જીલ્લામાં ઉજ્જવલા યોજના હેઠળ ૨૧૯૫૯ ગેસ કનેકશનની ભેટ મળી



એમઓપી અને એનયુ, સરકાર ભારતના વડાપ્રધાન ઉજજવલા યોજનાની રજૂઆત કરી હતી જેના માટે ૧૯૧૯ સુધીમાં બીપીએલ પરિવારોની મહિલા સભ્યને ૫ કરોડ એલપીજી જોડાણો અને ૨૦૨૦ સુધીમાં ૩ કરોડ એલપીજી જોડાણને મુક્ત કરવા માટે રૂ.૧૨૮૦૦ કરોડની અંદાજ પત્રીય જોગવાઈ પ્રદાન કરવામાં આવી છે.આ યોજના ઔપચારિક રીતે વડાપ્રધાન દ્વારા શરુ કરવામાં આવી હતી ૧.૦૫.૨૦૧૬ ના રોજ ઉતરપ્રદેશના બલિયા ખાતે નરેન્દ્ર મોદીએ શરુ કરી હતી.

ઓગસ્ટ ૧૮ દરમિયાન ઉધોગો ૫ કરોડની સપાટી પાર કરી હતી. જે શેડપુલ કરતા ૮ મહિલા પહેલા હતી.પી.એમ.યુ.વાય એ એક ક્રાંતિ છે જેને દેશના ગરીબ ઘરીના રસોડામાંથી ધુમ્રપાન છોડ્યું છે જે તેમણે રસોઈ ઈંધણની એલપીજી સાફ કરવાની એક્સેસ આપે છે તેના અત્યાર સુધીમાં સૌથી મોટી સામાજિક પહેલાઓની એક બનવે છે

ગયા વર્ષે પીએનયુવાયના કવરેજમાં વધારો થયો હતો અને એસસી/એસટીએસના નવા ૭ કેટેગરી વડાપ્રધાન આવાસ યોજના અંત્યોદય અન્ન યોજના, વન રહેવાસી, મોટાભાગના વરસગ ટી.એન એક્સ ટી ગરદન જનજાતિ, આર્યલેન્ડ, નદીના ટાપુઓમાં રહેતા લોકો તાજેતરમાં દેશમા રસોઈ ઈંધણ એલપીજીની સાર્વત્રિક પહોચ આપવા માટે વડાપ્રધાનની અધ્યક્ષતા હેઠળના કેબીનેટ કમિટી ઓમ ઈકોનોમિક એફર્સ દ્વારા ગરીબ પરિવારોને ડીપોઝીટ ફી એલપીજી કનેકશન રીલીઝ કરવા માટેનો એક તાત્કાલિક નિર્ણય આપવામાં આવ્યો છે. મોરબી જીલ્લામાં આઈઓસીએ ૧૫૭૦૯ અને બીપીસી પ૬૯૨ જાહેર કાર્ય છે કુલ ૨૧૯૫૯ લાભાર્થીઓની આ યોજના અંતર્ગત એલપીજી જોડાણ પૂરું પાડવામાં આવ્યું છે.આ યોજના અંતર્ગત ૯૫% લાભાર્થીઓ જે ગેસ સ્ટોવની ખરીદી અને પ્રથમ ખરીદવા માટે અગાઉથી ચુકવણી કરી શકતા ન હતા જેને ઓએમસી દ્વારા લોન સુવિધા પૂરી પાડવામાં આવી છે

રાસાયણિક ખાતર, જંતુનાશક દવા તેમજ બિયારણના

પરવાનેદાર વિક્રેતાઓને ઓનલાઈન પરવાના મેળવવા માર્ગદર્શન

ભુજ

કચ્છ જિલ્લાના તમામ રાસાયણિક ખાતર, જંતુનાશક દવા તેમજ બિયારણના પરવાનેદાર વિક્રેતાઓ તેમજ આવા પરવાના મેળવવા ઈચ્છતા તમામ ભારતીય નાગરિકોએ રાજય સરકાર દ્વારા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેશ (EODB) અન્વયે સરળતા ખાતર નવીન પરવાના તેમજ પરવાના રીન્યુ કરવા સારું ikhedut protal (આપેલ LINK FERTILIZER, SEED AND PESTICIDE LICENCE માટે અહીં કલીક કરો) પર પોતાના મોબાઈલ નંબર અને પાન કાર્ડ કે આધાર કાર્ડ થી નોંધણી કરી તેમના પરવાના રીન્યુ અથવા નવીન પરવાના માટે ઓનલાઈન અરજી કરી શકશે અને તમામ સાધનિક દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કર્યા બાદ પરવાના મેળવી શકશે. વધુ માહિતી સારૂ તાલુકા કક્ષાએ ખેતીવાડી અધિકારી તેમજ જિલ્લા કક્ષાએ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) કચ્છ-ભુજ ફોન નં.૦૨૮૩૨-૨૨૧૦૩૮ ઉપર સંપર્ક સાધવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) ભુજ-કચ્છની યાદીમાં જણાવાયું છે.

આંગણવાડીમાં બાળકોને ઈયળો-ધનેડાવાળી મગદાળ પીરસાતા હોબાળો

ભાણવડ

ભાણવડના રામેશ્વર પ્લોટ વિસ્તારમાં આવેલી આંગણવાડીમાં બાળકોને ધાનેરા અને ઈયળો વાળી મગદાળ બનાવીને ખવડાવી દેવાતા કેટલાક ભૂલકાઓને ઝાડા ઉલટી ચાલુ થઈ જવાથી ઉહાપોહ મચી ગયો હતો.

આંગણવાડી કેન્દ્ર નંબર ૭મા ગયા સોમવારે બાળકો માટે મગની દાળ બનાવી ખવડાવવામાં આવી હતી. જે ખાધા બાદ કેટલાય બાળકોને ઝાડા-ઉલ્ટી ચાલુ થઈ ગયા હતા. જેથી બાળકોને ઘરે મોકલી દેવાયા હતા. જ્યાં અમુક બાળકોની તબિયત વધુ બગડતા વાલીઓ આંગણવાડીએ દોડી ગયા હતા અને તેમના બાળકોને શું ખવડાવ્યું તેની તપાસ કરી હતી. જેમાં વાલીઓએ આંગણવાડીમાં પીરસવામાં આવેલી મગદાળ જોતા અંદર ધાનેરા અને ઈયળો દેખાયા હતા. જેથી વાલીઓમાં આક્રોશ છવાયો હતો.

વિફરેલા વાલીઓએ મંગળવારે સવારે આંગણવાડી કેન્દ્રમાં એકત્ર થાયને હલ્લાબોલ કરી સંચાલિકા અને સહાયકને બોલાવ્યા હતા. પરંતુ તેઓ વાલીઓનો આક્રોશ જોઈને આવ્યા નહોતા. બાદમાં વાલીઓએ સ્થાનિક નગરસેવિકા અને અન્ય અગ્રણીઓને બોલાવીને આંગણવાડીમાં અસહ્ય ગંદકી સહિતની બાળકોના આરોગ્ય માટે હાનિકારક તકલીફો દેખાડી કડક કાર્યવાહીની માંગણી કરી હતી. આ સાથે મામલતદાર સુધી રજુઆત પણ કરવામાં આવતા આંગણવાડીના ઈન્ચાર્જ સીડીપીઓ તેમજ ગોડાઉન મેનેજરને સ્પષ્ટતા રજૂ કરવા હુકમ કર્યો હતો.

ભાણવડના આંગણવાડી કેન્દ્રમાં બાળકોને પડતર મગદાળ ખવડાવવામાં આવતા તબિયત લથડી હોવાના ચકચારી પ્રકરણમાં ગોડાઉન મેનેજરે જણાવ્યું હતું કે ×છેલ્લા ત્રણ માસથી છડી મગની દાળ ઉચ્ચકક્ષાએથી જ ફાળવવામાં આવી નથી.× પરિણામે આંગણવાડીમાં બાળકોને પીરસવામાં આવેલી મગદાળ ત્રણ મહિના પહેલાની પડતર હોવાનું સાબિત થયું છે.

સુસવાવ ગામે ૧.૪૦૦. ગ્રામનુ બાળક જન્મતા રાજકોટ ના ડોક્ટર એ નવજીવન આપ્યુ



મીનાબેન રાઠોડ બાબા નો જન્મ આપ્યો હતો પરંતુ બાળક નુવજન ૧.૪૦૦ ગ્રામ અને નબળાઈ વાળુ બાળક જન્મ હતુ ત્યારે પરિવાર જનો ચિંતા મા મુકાયા હતા ત્યારે હળવદ બ્લોક હેલ્થ અધિકારી ડો ભાવીનભાઈ ભટ્ટરી અને ફિમેલ હેલ્થ વકેર. મીનાબેન ચાવડા જાણ કરતા તેવો એ રાજય સરકાર ની આરોગ્ય વિભાગ ની બાળ સખા યોજના ૩ અંતર્ગત ની યોજના હેઠળ રાજકોટ ની કલરવ હોસ્પિટલ મા ડો.પ્રિતેશ પંડયા એ ૩૦ દિવસ સુધી સારવાર આપી ને બાબા ને બચાવી નવ જીવન આપ્યું હતું આમ સરકાર ની આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ ની યોજના થી બાળક ની વિનામૂલ્યે સારવાર મળે રહેતા પરિવાર જનો મા હર્ષ ની લાગણી ફેલાઈ હતી

હળવદ તાલુકા ના સુસવાવ ગામ રહેતા નવ દંપતી ના લગ્ન જીવન ના ત્રણ વર્ષ જેટલો સમય પછી માતા નેપ્રથમ બાબા નો જન્મ થતા એ પણ ૧.૪૦૦ વજન વાળુ ત્યારે સરકાર ની બાળ સખા યોજના ૩ અંતર્ગત રાજકોટ ના ડોક્ટર ૩૦ દિવસ સુધીસારવાર આપી નેબાળક ને બચાવી લીધુ હતું નવજીવન આપ્યુ હતુ. હળવદ તાલુકા ના સુસવાવ ગામે રહેતાં ગોપાલ ભાઈ કરશનભાઈ રાઠોડ તેની પત્ની મીનાબેન રાઠોડ લગ્નજીવન ના ત્રણ વર્ષ જેટલો સમય પછી

ગીરગઢડાના આશાબહેનો દ્વારા ગ્રામ્ય આરોગ્ય સમિતિની કામગીરીની નાટકના માધ્યમથી સમજણ અપાઇ

ગીર-સોમનાથ : વેરાવળ ખાતે ગીર-સોમનાથ જિલ્લાકક્ષાનાં આશા સંમેલનમાં ગીરગઢડા હેલ્થ ઓફીસનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ ગ્રામ્ય આરોગ્ય સમિતિની કામગીરીનું નાટક ખુબ સુંદર રીતે રજૂ કરાયું હતું. ગ્રામ્ય ભાષામાં બહેનોએ ચોટદાર સંવાદો રજૂ કરી ગ્રામ્ય આરોગ્ય સમિતિની કામગીરી સુપેરે સમજાવી હતી.

આ નાટકમાં લક્ષ્મીબેન બાંભણીયા, કિંજલબેન વાઘેલા, ચંન્દ્રીકાબેન બારૈયા, સોનલબેન મકવાણા, હેતલબેન પરમાર, દયાબેન કિડેચા, હિનાબેન દીક્ષિત, કવિતાબેન ચાવડા અને કિડેચા હંસાબેન સુંદર અભિનય રજૂ કર્યો હતો.નાટકમાં સહભાગી બહેનોને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી

૬૮ વર્ષમાં નવ લાખથી વધુ જન્મ અને ત્રણ લાખથી વધુ મરણ નોંધનું કોમ્પ્યુટરાઈઝેશન

રાજકોટ

રાજકોટ મહાપાલિકાએ સમગ્ર ગુજરાત રાજ્યમાં સર્વ પ્રથમ વાર શહેરમાં ૧૯૫૦ થી બુધવાર સુધીમાં સુધરાઇ તથા મહાપાલિકાના દફતરે નોંધાયેલા ત્રણ લાખથી વધુ મરણ અને નવ લાખથી વધુ જન્મ નોંધણીની વિગત કોમ્પ્યુટર કોમ્પ્યુટરાઈઝેશન કરી દીધાનું બુધવારે જાહેર કરાયું છે. મહાપાલિકાના સુત્રોએ જણાવ્યું કે આ ઉપરાંત રાજકોટમાં દેશમાં પ્રથમવાર જન્મ નોંધણી ઓનલાઈન કરવામાં આવી છે જેના કારણે અગાઉ દસ પંદર દિવસે જન્મનું સર્ટિફિકેટ મળતું હતું તે હવે માત્ર બાળક જન્મ્યાના દસ પંદર મિનિટમાં જ મળવા લાગે છે. મહાપાલિકાએ રાજકોટની ૨૮૭ નર્સિંગ હોમ અને હોસ્પિટલો સાથે સર્વરથી લિંકઅપ કર્યું છે.

અમરેલી જિલ્લાના ફરાર આરોપીને તા.૧૯ સુધીમાં હાજર થવા ગીરગઢડા કોર્ટ દ્વારા જાહેરનામુ

ગીર સોમનાથ, તા. -૯, ગીરગઢડા પોલીસ સ્ટેશનમા (૧) ગુ.ર.ન.ફ.૧૯/૨૦૦ ઈ.પી.કો.ક. ૩૭૯,૪૬૧,૧૧૪, તથા (૨) ફ ૩૧/૨૦૦૦ ઈ.પી.કો.ક.૩૯૨,૧૧૪ તથા (૩) ફ ૩૨/૨૦૦૦ ઈ.પી.કો.ક.૩૯૨,૧૧૪ મુજબના કામના આરોપી ઈબ્રાહીમ ડફેર રહે.ગડીયા ચાવંડ તા.ધારી જિ.અમરેલીવાળાએ આ ગુનો કર્યા બાદથી આજ દિન સુધી નાસતો ફરતો હોય અને પકડાયેલ ન હોય જેથી તેના વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ કાર્યવાહી કરવા ગીરગઢડા કોર્ટમાં રીપોર્ટ કરવામાં આવેલ. જે અંગે ગીરગઢડા કોર્ટના આધારમાં જણાવેલ નંબર તારીખથી મજકુર આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામુ કલમ-૮૨ મુજબ તા.૧૯-૧-૧૯ સુધીમાં જયુ.ફ.ક.મેજી.સાહેબ ગીરગઢડા કોર્ટમાં જવાબ આપવા હાજર રહેવા જાહેરનામુ બહાર પાડેલ છે. તમ પો.સબ.ઈન્સ.ગીરગઢડા કે.એન.અઘેરાની યાદીમા જણાવ્યુ છે.

કારમાં બેસીને દારૂ પી રહેલો પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો

સાબરકાંઠા

હિંમતનગર પાસે સહકારીજન ચાર રસ્તા પર પોલીસ લખેલી બલેનો કારમાં પોલીસ વર્ધીમાં એક પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો છે. કારને પાર્ક કરીને તેમાં દારૂની મહેફીલ મણતા પોલીસ કર્મીને જાહેર જનતાએ ઝડપી પાડ્યો હતો અને પોલીસને સોપ્યો હતો. ત્યારે એક દારૂની બોટલ પણ કરામાંથી મળી આવી છે.

પોલીસ વર્ધીમાં દારૂ પી રહેલા પોલીસ કર્મીની કારમાં મહિલાઓ પણ બેઠી હોવાનું બહાર આવ્યું છે. જાહેરમાં દારૂ પી રહેલા પોલીસ કર્મી હોવાનું બહાર આવતા મોટી સખ્યામાં લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. ટોળું ભેગુ થતા કારમાં બેસેલી મહિઓ ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. પરંતુ પોલીસ કર્મી લોકોના હાથે ઝડપાયો હતો.

પોલીસ વર્ધીમાં કોન્સ્ટેબલ દ્વારા જાહેરમાં કારમાં બેસીને દારૂ પીતા હિંમતનગર એ ડિવિઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. દારૂના નશામાં ઝડપાયેલો આ આરોપી ક્યાં પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. અને તેનું નામ શું છે? તેવી કોઇ પણ પ્રકારની માહિતી મળી રહી નથી. લોકોના ટોળાએ પોલીસને ફોન કરીને કોન્સ્ટેબલને પોલીસને સોપ્યો હતો.



નેશનલ ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત અમદાવાદ જીલ્લાના આરોગ્ય અધિકારીઓનો એડવોકેશી વર્કશોપ યોજાયો

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના વિરમગામ સહીતના તમામ તાલુકાઓમાં તમાકુ મુકત અમદાવાદ જિલ્લો બનાવવાનુ મહાઅભિયાન હાથ ધરવામા આવેલ છે અને સમગ્ર અમદાવાદ જિલ્લામા તમાકુ મુકત સમાજ રચના કરવા જન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામા આવી રહ્યા છે. જે અંતર્ગત અમદાવાદ જીલ્લાના તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફીસરોનો જીલ્લાકક્ષાનો એડવોકેશી વર્કશોપ યોજાયો



હતો. જેમાં એનટીસીપી સ્ટેટ નોડલ ઓફિસર ડો. કમલેશ પરમાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શિલ્પા યાદવ, જીલ્લા આરસીએચઓ ડો. ગૌતમ નાયક, જીલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ સહિતના આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, તમાકુના સેવનથી દર વર્ષે વિશ્વમાં ૫૫ લાખથી વધુ લોકો મોતને ભેટે છે. ભારતમાં દર વર્ષે ૧૦ લાખથી વધુ લોકો તમાકુના સેવનના કારણે મૃત્યુ પામે છે. ભારતમાં તમાકુના સેવનથી દરરોજ ૨૭૦૦થી વધુ લોકો મૃત્યુ પામે છે અને દર મિનીટે બે વ્યક્તિ મોતને ભેટે છે. ભારતમાં કેન્સરના ૧૦૦ પૈકી ૪૦ કેસો તમાકુ સાથે સંકળાયેલા હોય છે અને મોઢાના કેન્સરના લગભગ ૯૫ ટકા જેટલા કેસો તમાકુના સેવનના લીધે થાય છે. અમદાવાદ જિલ્લાને તમાકુ મુક્ત કરવાના અભીયાન કાર્યરત છે. તમાકુ વિરોધી કાયદાનો અમલ સમગ્ર અમદાવાદ જિલ્લામાં કરવામાં આવી રહ્યો છે.





સુરતની ઉત્સવપ્રિય જનતા અને પતંગ રસિયાઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે સુરતના આંગણે આજ રોજ સવારે અડાજણના સરિતા સાગર સંકુલ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પતંગ મહોત્સવમાં દેશ-વિદેશના ૭૭ બાહોશ પતંગબાજો અવનવી અને રંગબેરંગી પતંગો ઉડાવી આકાશને રંગબેરંગી બનાવી દીધા હતા. જિલ્લા વહીવટી તંત્ર સુરત મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના સંયુકત ઉપક્રમે આયોજિત આ પતંગ મહોત્સવને માણવા સુરતના લોકો ઊમટી પડયા હતા અને દેશ-વિદેશના પતંગ બાજોએ અવનવી ડિઝાઈન અને વિવિધ આકારના પતંગો ઉડાવવાના કરતબ રજૂ કરી સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

ડિંડોલીના ચકચારીત બળાત્કાર-હત્યા કેસમાં મકાન માલિકની સર તપાસ

દરરોજ ઈન કેમેરા કોર્ટની ઈન્સાફી કાર્યવાહી

સુરત

ડીંડોલી ખાતે ૫ વર્ષની બાળકી સાથે બળાત્કાર ગુજારનાર એક આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ત્યારે આજે આરોપી જે મકાન માલિકના ઘરમાં રહેતો હતે તે મકાન માલિકની સર તપાસ આજે કોર્ટ સમક્ષ લેવામાં આવી હતી. જોકે, ગતરોજ બનાવ સ્થળના વીડીયોગ્રાફીના ચાર પંચો રજૂ કરવામાં આવ્યા હતા. જે પૈકી બે પંચોએ ફરિયાદને સમર્થન આપતી જુબાની આપી હોવાનું ડીજીપી નયન સુખડવાળાએ જણાવ્યું હતું. આ કેસ ડે ટુ ડે ઈન કેમેરા કોર્ટમાં ચાલી રહ્યો છે.

આ કેસની વિગતો એવી છે કે, ડીંડોલી વિસ્તારમાં ગત મહિનાઓમાં રોશન નામના આરોપીએ પાંચ વર્ષની માસુમ બાળકાનું અપહરણ કરી ઝાડી ઝાંખરામાં લઈ જઈ બળાત્કાર ગુજારી ફરાર તઈ ગયો હતો. ડીંડોલી પોલીસે આઈપીસી ૩૬૩ તથા ૩૭૬ મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અને તપાસ દરમ્યાન પોલીસે રોશનની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ કેસમાં આરોપી સામે ચાર્જશીટ રજૂ કરાઈ હતી. ગતરોજ બનાવ સ્થળના વીડીયોગ્રાફીના ચાર પંચો રજૂ કરવામાં ાવ્યા હતા. જે પૈકી બે પંચોએ ફરિયાદને સમર્થન આપતી જુબાની આપી હોવાનું ડીજીપી નયન સુખડવાળાએ જમાવ્યું હતું. કેસની ટ્રાયલ ઈન કેમેરામાં ચાલી રહી છે.

વિરમગામના શિવ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષ્યમાન અંતર્ગત લાભાર્થીઓ નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી રહી છે

વિરમગામ પંથકના લોકો મણકી ગાદીના ઓપરેશન કરવવા માટે મોટે ભોગે અમદાવાદ જઈને મણકાની ગાદીનુ ઓપરેશન કરાવે છે પરંતુ હવે વિરમગામ પંથકના લોકોએ મણકાની ગાદીનું ઓપરેશન કરાવવા માટે અમદાવાદ નહિ જવુ પડે અને વિરમગામની શિવ હોસ્પિટલમાં મણકાની ગાદીનું ઓપરેશન કરાવી શકશે. વિરમગામના શિવ હોસ્પિટલમાં મણકાની ગાદી સહિતના ઓપરેશન શરૂ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષ્યમાન અંતર્ગત લાભાર્થીઓ નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી રહી છે.

વિરમગામ શિવ હોસ્પિટલના ડો.પ્રકાશ સારડાએ જણાવ્યુ હતુ કે, વિરમગામના શિવ હોસ્પિટલમાં મીનાબહેન નામના દર્દીનું મણીકાની ગાદીનું સફળ ઓપરેશન કરવામાં આવ્યુ છે. આખુ ઓપરેશન દુરબીનની મદદથી કરવામાં આવ્યુ છે, આવા ઓપરેશન પછી દર્દીને કોઈ પણ પ્રકારની તકલીફ રહેતા નથી. જનરલી પહેલા આવા દર્દીઓને ઓપરેશન માટે અમદાવાદ જવુ પડતુ હતુ પરંતુ હવે વિરમગામ શિવ હોસ્પિટલ ખાતે આવા ઓપરેશન શરૂ થઈ ગયેલ છે અને દર્દીઓને સારી સેવાઓ મળી રહી છે. વિરમગામના શિવ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષ્યમાન અંતર્ગત લાભાર્થીઓ નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી રહી છે.

માંડવી રોડ પરથી પસાર થતી કારમાંથી દારૂનો જથ્થો પકડાયો

સુરત

માંડવી બરોડીયાવાડ પાસેથી પસાર થતી ટાટા ઈન્ડિકા કારમાંથી પોલીસે વગર પાસ પરમીટની વિદેશી દારૂની ૪૬૮ નંગ બોટલ કિંમત રૂા. ૬૬ હજાર તથા ઈન્ડીકાર કાર મળી કુલ્લે ૧.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યોહતો. જોકે કાર ચાલક પોલીસને જોઈને કાર મૂકીને ફરાર થઈ જતા તેને ચોપડા પર વોન્ટેડ જાહેર બતાવવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી-ટાઉન બરોડીયાવાડ જૂના ગોકુલ સિનેમા રોડ પરથી એક સફેદ કલરની ટાટા ઈન્ડિકા કાર (જીજે-૦૫-સીડી-૪૮૯) પસાર થતી હતી. ત્યારે એએસઆઈ કાળુભાઈ જોબનભાઈ એ કારને ઊભી રાખી જડતી લેતા કારમાંથી વગર પાસ પરમીટની વિદેશી દારૂની બોટલ ૪૬૮ નંગ કિંમત રૂા. ૬૬ હજાર તથા કારની કિંમત રૂા. ૧ લાખ મળી કુલ્લે ૧.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કાર ચાલક કાર મૂકીને ફરાર થઈ જતા તેની સામે પ્રોહીબીશ એકટ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.













તંત્રી સ્થાનેથી...

ચીની વર્તનથી પરેશાની

દક્ષિણ ચીન દરિયામાં તેલ અને ગેસના સંશોધનની બાબત અમારા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. બંગાળના અખાત, હિંદ મહાસાગર અને અરબ સાગરમાં સ્થિત તેલ ભંડારો આપણા દેશની જરૂરિયાતોને પૂર્ણ કરી શકે નહીં. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધખોળથી અમે અમારી ઉર્જા જરૂરિયાતોને ભવિષ્ય માટે વધુ યોગ્ય બનાવી શકીએ છીએ. તેલ અને ગેસની શોધખોળની સાથે સાથે એક શક્યતા એવી પણ બની શકે છે કે ત્યાં કોઈ નવા પ્રકારના ખનીજ પદાર્થોની શોધ થઈ જાય જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતની ટેકનિક પર વધારે વિશ્વાસ જાગે અને બીજા દેશ ભારતીય કંપનીઓને આમંત્રણ આપે. દક્ષિણ ચીન દરિયામાં તેલની શોધને લઈને ચીનની ઉંઘ હવે હરામ થઈ ગઈ છે. ડ્રેગનની બેચેની પણ દેખાવા લાગી ગઈ છે. આ તમામ મુદ્દે ભારતને પીછેહઠ કરવાના બદલે આગળ વધવાની જરૂર છે. અમે આવું કરવામાં સક્ષમ છીએ કારણ કે અમારી પાસે નવી ટેકનોલોજી છે. ભારતીય વૈજ્ઞાનિક ટેકનોલોજીને સતત વિકસીત કરી રહ્યા છે. આ જ કારણસર ચીન અમારી આ નીતિથી ચિંતાતૂર છે અને દક્ષિણ ચીન દરિયા પર પોતાના પ્રભુત્વ સામે ઉભા થઈ રહેલા ખતરાને લઈને પરેશાન છે. આ ચીનની ગભરામણ છે કે તે ભારતને વિયતનામમાં તેલ અને ગેસ ન શોધવાની ચેતવણી આપી રહી છે. જે ચીનના દરિયાઈ હિસ્સા તરીકે બિલકુલ નથી. આ અમારો આંતરરાષ્ટ્રીય અધિકાર છે જેથી અમે આંતરરાષ્ટ્રીય જળક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની શોધખોળ પર કામ કરી શકીએ છીએ. અહીં એક બાબત સમજવી પડશે કે કોઈ અમારા જળક્ષેત્રમાં બહાર કોઈ પણ પ્રકારની શોધખોળ કરે તો અમને કોઈ સમસ્યા થવી જોઈએ નહીં. જો અમે ત્યાં તેલની શોધખોળ કરીશું નહીં તો કોઈ અન્ય દેશ આ કામ કરશે. ચીન એવું જ ઈચ્છે છે કે તે આ ક્ષેત્રમાં પોતાના વર્ચસ્વને જાળવી રાખે આ જ કારણસર તે વાંધાજનક નિવેદન કરીને ભારત પર દબાણ લાવવાના પ્રયાસમાં છે. ભારત આ બાબતોનો આંતરરાષ્ટ્રીય સ્તર પર જવાબ આપે તે ખૂબ જરૂરી છે. પોતાની નીતિઓ અને યોજનાઓને અટકાવ્યા વગર સતત આગળ વધારે તે પણ ખૂબ જરૂરી છે. અહીં ચીનને સ્પષ્ટ ચેતવણી આપવી પડશે કે ભારત તેની બાબતોને ગંભીરતાથી લેતું નથી.આ વાસ્તવિકતા છે કે જો ચીન હિંદ મહાસાગર સ્થિતિ પડોશી દેશો અને અરબ સાગરમાં પાકિસ્તાન જઈને બંદરોનું નિર્માણ કરે છે તો તે તેનો અધિકાર છે અમને આનાથી કોઈ તકલીફ હોવી જોઈએ નહીં. પણ સાવધાની ખૂબજ જરૂરી બની ગઈ છે. આ જ રીતે જો અમે દક્ષિણ ચીન દરિયામાં જઈને કોઈ શોખખોળ કરીએ તો ચીનને આનાથી કોઈ સમસ્યા હોવી જોઈએ નહીં. જો તેને ભારતથી કોઈ ખતરો દેખાઈ રહ્યો છે તો તે પોતાના સ્તર પર સાવધાની રાખી શકે છે. બિનજરૂરી નિવેદનબાજી કરીને તેનો કોઈ ફાયદો થનાર નથી. આ ક્ષેત્રમાં પોતાના પ્રભુત્વને જમાવવા માટે ચીને દક્ષિણ ચીન દરિયા સ્થિત તમામ દેશોથી માત્ર નારાજગી વહોરી છે.ચીનના વર્તનના કારણે પરેશાન થયેલા દેશો ભારતના વલણને ટેકો આપી રહ્યા છે. આવી સ્થિતીમાં ચીનની સામે ભારતે સમસ્યા સર્જી છે.

દુનિયાના અનેક દેશો ચીનની રણનિતીના લીધે હાલમાં સમયમાં ભારે પરેશાન થયા

સેનામાંથી મોટી સંખ્યામાં અધિકારી નિવૃતિ કેમ સ્વીકારી રહ્યા છે ?

સેના પ્રત્યે આકર્ષણ કેમ ઘટયુ છે

દેશની સેનાની વર્ધી પહેરીને પહેલા જવાનો અને અધિકારીઓ ગર્વ અનુભવ કરતા હતા. આજે પણ ગર્વ અનુભવ કરે છે. તેમના પરિવારના સભ્યો પણ આજે પણ ગર્વ અનુભવ કરે છે. જો કે સેનાના જવાનોની સામે પહેલા કરતા આજે જટિલ સ્થિતી અને વધુ પડકારો આવી ગયા છે. સાથે સાથે અન્ય કેટલાક એવા પરિબળો પણ છે જેના કારણે હાલના સમયમાં સેનાના જવાનો અને અધિકારીઓ પહેલા કરતા વધુ સંખ્યામાં સ્વૈચ્છિક નિવૃતિ લેવા માટે આગળ આવી રહ્યા છે. ઘટતા તુલનાત્મક સ્તરને પણ આના માટે જવાબદાર ગણી શકાય છે. સેવા નિવૃત થઈ રહેલા ઓફિસર અને જવાનોની સંખ્યામાં ઘટાડો કેમ થઈ રહ્યો છે ? આ જવાનો નોકરી કેમ છોડી રહ્યા છે ? સેના પ્રત્યે આકર્ષણ કેમ ઓછુ થઈ રહ્યુ છે ? તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ પ્રકારની પરિસ્થિતી માટે કોણ જવાબદાર છે ? તેવા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આજે અમે આ પ્રશ્નો પર લેખમાં ચર્ચા કરવા જઈ રહ્યા છીએ.. સંરક્ષણ મામલાના નિષ્ણાંત આલોક બંસલે હાલમાં એક અગ્રણી અખબારમાં કહ્યુ હતુ કે પહેલા શાહી ખાનદાનમાંથી મોટા ભાગના લોકો સેનામાં સામેલ થતા હતા અને પોતાને ગર્વ થાય તેવુ કામ કરતા હતા. પરંતુ હવે રાજકીય નેતાઓના ખાનદાનમાંથી કેટલા લોકો સેનામાં આવવાનુ પસંદ કરે છે તે પ્રશ્ન રહેલો છે. પહેલા અધિકારીઓના બીજા નંબરના હોદ્દા સંયુક્ત સચિવની સમકક્ષ સેનાના મેજર જનરલના હોદ્દા હોતા હતા. હોદ્દાની પુન રચના કરવામાં આવ્યા બાદ સચિવની ઉપર વધારાના સચિવ, ખાસ સચિવ અને પ્રમુખ સચિવ તેમજ કેબિનેટ સચિવના હોદ્દા થઈ ગયા છે. મેજર જનરલના હોદ્દાને હજુ પણ સેનામાં વરિષ્ઠતાની દ્રષ્ટિએ હજુ પણ ત્રીજા નંબરમાં ગણવામાં આવે છે. તેમાં કોઈ સુધારા થયા નથી. ભારતીય



દેશની સેનાની વર્ધી પહેરીને પોતાને ગર્વ થાય તેવુ કામ કરનાર ઓફિસર હવે સ્વૈચ્છિક નિવૃતિ કેમ લઈ રહ્યા છે : તુલનાત્મક સ્તર ઘટી ગયુ છે

સેનામાં અધિકારી વર્ગ સ્વૈચ્છિક સેવાનિવૃતિ યોજના માટે મોટી સંખ્યામાં અરજી કરી રહ્યા છે. છેલ્લા થોડાક સમય પહેલા હેવાલ આવ્યા હતા કે ભૂમિ સેનામાં વર્ષ ૨૦૧૭માં ઓક્ટોબર સુધીમાં ૨૩૯, હવાઈ દળમાં ૧૪૪ અધિકારીઓએ વીઆરએસ માટે અપીલ કરી હત. નૌકા સેનામાં ૩૦મી માર્ચ ૨૦૧૭ સુધી ૩૦ અધિકારી વીઆરએસ લઈ ચુક્યા છે. ગયા વર્ષે ભૂમિ સેનામાં ૨૯૧, હવાઈ દળમાં ૧૩૯ અને નોકાસેનામાં ૧૪૨ અધિકારીઓએ વીઆરએસ લેવાની જાહેરાત કરી હતી. એવુ નથી કે આ નોકરીને લઈને હવે આકર્ષણ ઘટી ગયુ છે. પરંતુ વાસ્તવિકતા એ છેસ કે જીવનની કડવી વાસ્તવિકતા હવે લોકોને દેખાવવા લાગી ગઈ છે. એ એક મોટા કારણ તરીકે ગણી શકાય છે. એક સમય હતો જ્યારે રાજા મહારાજા અને શાહી ખાનદાનના લોકો સેનામાં ભરતી થતા હતા. મોટા ભાગના લોકો સેનામાં જોડાઈને ગર્વ અનુભવ કરતા હતા. હવે એવા ગણતરીના શાહી પરિવાર હશે જેમના પરિવારના સભ્યો સેનામાં જોડાઈ રહ્યા છે.

જાણકાર લોકો માને છે કે નેતા છે તો પણ તેમના પરિવારમાંથી સેનામાં યુવાનોને મોકલી દેવા જોઈએ. સેનામાં પણ નેતૃત્વની કુશળતા દર્શાવવામાં આવે તે સમયની માંગ છે. હકીકત એ પણ છે કે આ નોકરીના કઠોર જીવન અને સમાજમાં સતત ગબડી રહેલા સ્તરના કારણે સેનાને લઈને આકર્ષણ ઘટી રહ્યુ છે. સમાજમાં સેનામાં કામ કરવાને લઈને કોઈ વાંધો નથી. આજે પણ તમામ દેશના લોકો સેનાના જવાનો પ્રત્યે ગર્વની ભાવના ધરાવે છે. સમય સમય પર સેનાને લઈને દેશના લોકોની ભાવના પ્રગટ થતી રહે છે. સરકારના ઈરાદા પર પણ શંકા કરવી યોગ્ય નથીય. કારણ કે સરકાર દ્વારા પણ સેનાના જવાનોને ઘણુ બધુ આપવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છતાં હવે સેનાના જવાનો સંતુષ્ટ દેખાઈ રહ્યા નથી.ય આ બાબતને ફરી સમજી લેવાની જરૂર છે કે કારણ કે તેમને જે મળ્યુ તેનાથી તેઓ અસંતુષ્ટ એટલા માટે છે કે અધિકારી સ્તર પર તેમના સ્તર પર રહેલા લોકોને તેમના કરતા વધારે લાભ મળી રહ્યા છે. તુલનાત્મક દ્રષ્ટિએ અન્યોને તેમના કરતા વધારે લાભ મળી રહ્યા છે. દાખલા તરીકે કોઈ પ્રદેશના પોલીસ વિભાગના વડાના પદને ભૂમિ સેનાના વડાના મેજર જનરલના સમકક્ષ ગણવામાં આવતા હતા. ઉત્તરપ્રદેશના જ દાખલાને લઈ લેવામાં આવે તો ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે. ઉત્તરપ્રદેશમાં ૨૬ પોલીસ મહાનિર્દેશક છે. તેમની નીચે કેટલાક અધિકારીઓ છે. સ્થિતી થે થઈ ગઈ ગઈ છે કે પોલીસના વડાના હોદ્દાના બદલે મેજર જનરલના હોદ્દાને પોલીસ મહાનિર્દેશકના હોદ્દા સમાન ગણવામા આવે છે. સ્થિતીમાં સુધારો કરાય તે જરૂરી છે.

સરકારી ખાતાઓમાં લાખો હોદ્દા હજુ ખાલી છે

અનામત નહીં રોજગાર ઉકેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર વિરોધ પક્ષો પર સર્જિકલ સ્ટ્રાઇક અનામત ક્વોટા તરીકે કરી ચુક્યા છે. ગરીબ માટે ૧૦ ટકા અનામતના પ્રસ્તાવના કારણે મોદીએ તમામ વિરોધીઓને હેરાન કરી દીધા છે. જો કે કેટલાક વિરોધીઓ એમ પણ કહે છે કે અનામત નહીં બલ્કે રોજગાર મુખ્ય સમસ્યા છે. તેમની દલીલ છે કે જો નોકરી જ હશે નહીં તો આનામત આપવાથી ફરક શુ પડે ચે. આજે કેન્દ્ર સરકારની પાસે ચાર લાખ અને રાજ્ય સરકારોની પાસે આશરે ૨૦ લાખ હોદ્દા ખાલી પડેલા છે. આ તમામ હોદ્દાને વહેલી તકે ભરવા માટેની માંગ ઉઠી રહી છે. સરકારના વિરોધીઓ કહે છે કે આ જગ્યાએ સૌથી પહેલ ભરવામાં આવે તે જરૂરી છે. કેટલાક લોકોને હજુ પણ શંકા રહેલી છે. જો કે લોકસભામાં ચર્ચા દરમિયાન આ શંકા દુર કરવામાં આવી હતી. શંકા કરનાર લોકો કહે છે કે સપ્ટેમ્બર ૧૯૯૧માં નરસિમ્હા રાવની સરકારે આવો જ આદેશ જારી કર્યો હત. સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૨ના ઐતિહાસિક ચુકાદા બાદ સુપ્રીમ કોર્ટની નવ જજની બેંચે સામાન્ય વર્ગના ગરીબો માટે અનામતના આધારને બે રીતે ગણાવીને ફગાવી દીધો હતો. આ મામલો ખુબ જટિલ હજુ પણ છે. બંધારણીય સુધારાની પ્રક્રિયા લાંબી છથે. પહેલા લોકસભા ત્યારબાદ રાજ્યસભા અને ત્યારબાદ વિધાનસભામાં આને પાસ કરવાની જરૂર છે. સુધારા થઈ જશે તો પણ સુપ્રીમ કોર્ટ આને અસ્વીકાર કરી શકે છે. વિરોધીઓ કહે છે કે સમસ્યા અનામતની નથી. બલ્કે બેરોજગારીની છે. વિરોધીઓ કહે છે કે જો રોજગારી રહેશે નહીં તો અનામત આપવાનો કોઈ તલબ નથી. સરકારોની પાસે લાખો પદ ખાલી પડેલા છે.

ઠંડીમાં ઓછુ પાણી પીવાથી બ્રેઈન સ્ટ્રોકનો ખતરો

ઓછુ પાણી પીવાથી ખતરો

ઉત્તર ભારતમાં હાલમાં કાતિલ ઠંડી પડી રહી છે. પુરતા પ્રમાણમાં સાવચેતી રાખવામાં આવ્યા બાદ પણ મોટી સંખ્યામાં લોકો બિમાર થઈ રહ્યા છે. ન્યુરો સર્જન અને બ્રેઈન સ્ટ્રોક નિષ્ણાંતો એ ચેતવણી આપતા કહ્યુ છે કે ઠંડીના દિવસોમાં પણ પાણી પુરતા પ્રમાણમાં પીવાની જરૂર રહે છે. તેમના કહેવા મુજબ ઠંડીના દિવસોમાં બ્રેઈન સ્ટ્રોકના દર્દીઓની સંખ્યામાં બે ગણો વધારો થઈ જાય છે. કાતિલ ઠંડીની સિઢનમાં થતા મોત માટે એક કારણ બ્રેઈન સ્ટ્રોક પણ હોય છે. ઠંડીની સિઝનમાં અમારા શરીરમાં લોહી ગાઢ બની જાય છે. લોહીની પાતળી નળીઓ સંકુચિત થઈ જાય છે. જેના કારણે લોહીનુ દબાણ વધી જાય છે. જેના કારણે લોહીની ધમનીમાં ક્લોટિંગ હોવાના કારણે સ્ટ્રોકનો ખતરો અનેક ગણો વધી જાય છે. સ્ટ્રોકના ખતરાથી બચવા માટે પુરતા પ્રમાણમાં પાણી ઠંડીના દિવસોમા પીતા રહેવાની જરૂર હોય છે. ઠંડીના દિવસોમાં કેટલીક કાળજી રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. બ્રેઈન સ્ટ્રોકના મુખ્ય કારણો પૈકી એક કારણ બ્લડ પ્રેશર છે. બ્લડ પ્રેશર વધારે થવાની સ્થિતીમાં દિમાગની ધમની કે તો ફાટી શકે છે અથવા તો તેમાં અડચણો ઉભી થાય છે. આવી સ્થિતીમાં ઠંડીના દિવસોમાં બ્લડ પ્રેશરને કાબુમાં રાખવામાં આવે તે જરૂરી હોય છે. બ્રેઈન સ્ટ્રોક થયાના ત્રણ કલાકની અંદર જ જો દર્દીને સારવાર મળી જાય છે તો તેની જાન બચી શકે છે. વધારે વિલંબ થવાની સ્થિતીમાં ખતરો ખુબ વધારે રહેલો છે.

હેર ટ્રાન્સપ્લાન્ટેશન : વાળ પ્રત્યારોપણમાં લાપરવાહી ભારે પડી શકે

વાળના જતનને લઈને લોકો સાવધાન

વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેંમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઈરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમ જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઈ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઈ મારફતે વાળ ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામા આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઈમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઈન કિલર આપવામાં આવેછે. જેથી પીડા થતી નથી. આનાથી ઈન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઈફસ્ટાઈલ, સ્ટ્રેસ, હાર્મોનને લઈને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે.

મોદીના માસ્ટર સ્ટ્રોકથી વિપક્ષ

માયાવતી, મમતા, અખિલેશ અને કોંગ્રેસ સહિતના તમામ વિરોધીઓને પછડાટ : સામાન્ય પ્રજા મોદીના ફંડાને ચોક્કસ પસંદ કરશે

ચૂંટણીના વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આખરે ધારણા પ્રમાણે જ માસ્ટરસ્ટ્રોક રમવાની શરૂઆત કરી દીધી છે. જેના ભાગરૂપે તેમના પ્રથમ જ માસ્ટર સ્ટ્રોકના કારણે તમામ દિગ્ગજ નેતાઓ પણ હેરાન થઈ ગયા છે અને વિરોધ હોવા છતાં મજબુરીમાં તમામને સાથ આપવાની ફરજ પડી રહી છે. મોદીના સામાન્ય વર્ગના નબળા લોકો માટે ૧૦ ટકા અનામત સાથે સંબંધિત પ્રસ્તાવનો કોઈની પાસે વિરોધ કરવા માટે કોઈ કારણ નથી. કોઈ રાજકીય પક્ષ ચૂંટણીના સમયમાં પોતાની આત્મહત્યા કરવા માટે ઈચ્છા રાખશે નહીં.જોરદાર વિરોધ ધાંધળ ધમાલ અને અન્ય વાંધા છતાં તમામને સાથ આપવાની ફરજ પડી રહી છે. સંસદમાં સુરતાલ અલગ હોવા છતાં સાથ આપવાની ફરજ પડનાર છે. અનિચ્છા હોવા છતાં મજબુરી રાજકીય પક્ષોને મોદીને સાથ આપવાની ફરજ પાડશે. માયાવતી, મમતા બેનર્જી, અખિલેશ યાદવ, કોંગ્રેસ પાર્ટી, આમ આદમી પાર્ટી અને જેડીએસે સાથ આપ્યો છે. બંધારણીય સુધારા બિલ પ્રચંડ બહુમતિ સાથે લોકસભામાં પાસ થઈ ગયા બાદ હવે રાજ્યસભામાં કસોટી થનાર છે. જો કે આને લઈને વિરોધ કરનારને મુશ્કેલ પડશે, કલમ ૧૫ અને ૧૬માં સુધારા કરવામાં આવ્યા છે. જાતિ અને ધર્મના ભેદભાવ વગર આ બિલ લાવવામાં આવ્યુ છે. આર્થિક ગરીબી જ આના ભાગરૂપે લાભ લઈ શકશે. મોદીના માસ્ટરસ્ટ્રોકના કારણે તમામ રાજકીય પક્ષો ભાગતા થઈ ગયા છે. આ બંધારણીય સુધારા બિલ એવુ છે જેના ભાગરૂપે રાજકીય પક્ષો જે વિરોધ કરનાર છે તે ખુલ્લા પડી જશે. મતદાન કરતી વેળા વોટની ચિંતા તમામને દેખાઈ રહી છે. લોકસભામાં જે રીતે બિલ પાસ કરવામાં આવ્યુ છે તે જોતા રાજ્યસભામાં પણ તકલીફ દેખાઈ રહી નથી. આ બંધારણીય સુધારા બિલે આંખ બતાવવાની કોઈમાં તાકાત નથી. વિરોધ કરનાર એક બે પાર્ટી છે તે સિવાય તમામ સાથે દેખાઈ રહી છે. લોકસભા હોય કે પછી રાજ્યસભા તમામને અહીં સાથ આપવાની જરૂર પડશે. ક્વોટામાં વધારાને મંજુરી ચોક્કસપણે મળનાર છે. કારણ કે વોટ લેવાની બાબત તમામની મજબુરી છે. ક્વોટાને હવે ૫૦ ટકાથી વધારીને ૬૦ ટકા કરાશે. ગરીબ સવર્ણોને પણ ફાયદો થનાર છે. કોઈ આને ચૂંટણી સ્ટન્ટ ગણે કે ભલે ચૂંટણી હથકંડા તરીકે સમજે પરંતુ એક વાત તો નક્કી છે કે મોદીના ફંડાને તો તમામ લોકો પસંદ કરનાર છે. જો કાનુન વહેલી તકે બની જશે તો રેમેજ કન્ટ્રોલ પણ થઈ જશે. એસટી અને એસસીની પરેશાની દુર થશે. નોટાના ચક્કરને પણ છોડી શકાશે. મોદીએ પોતાના માસ્ટર સ્ટ્રોકથી વિપક્ષી છાવણીને મુશ્કેલીમાં મુકી દીધી છે. મોદીની ચાલથી વિરોધ પક્ષો પરેશાન છે. વર્ષ ૨૦૧૯માં યોજાનારી ચૂંટણીમાં આ માસ્ટર સ્ટ્રોક મોદીને મોટી જીત અપાવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય કેબિનેટે ગઈકાલે સોમવારના દિવસે ઉચ્ચ સવર્ણ જાતિઓના આર્થિકરીતે નબળા લોકો માટે ૧૦ ટકા અનામતને લીલીઝંડી આપી હતી. ગરીબ સવર્ણો માટે સરકારી નોકરી



અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતના પ્રસ્તાવને લીલીઝંડી આપી હતી. ગઈકાલે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર અનામતની આ નવી ફોર્મ્યુલાને લાગૂ કરવા માટે અનામતના ક્વોટાને વધારવાની હિલચાલ ધરાવે છે. ભારતીય બંધારણમાં આર્થિક આધાર પર અનામતની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. આવી સ્થિતિમાં સરકારની પાસે ગેમચેન્જર ગણાતી આ હિલચાલને અમલી કરવા માટે બંધારણીય સુધારાનો એકમાત્ર રસ્તો રહેલો છે. અનામત ક્વોટા ૪૯.૫ ટકાથી વધારીને ૫૯.૫ ટકા કરવામાં આવશે જેના ભાગરુપે ૧૦ ટકા ક્વોટાને આર્થિકરીતે નબળા વર્ગને આવરી લેવા માટે રહેશે. લાંબા સમયથી આર્થિકરીતે નબળા સવર્ણો માટે અનામતની માંગ કરવામાં આવી રહી હતી. જે લોકોની પારિવારિક આવક ૮ લાખ રૂપિયાથી વાર્ષિક ઓછી છે તે લોકોને આનો ફાયદો થશે. આની સાથે સાથે શહેરમાં ૧૦૦૦ સ્કેવરફુટથી નાના મકાન અને પાંચ એકરથી ઓછી કૃષિ જમીનની શરત પણ આમા ઉમેરવામાં આવી છે. થોડાક દિવસ પહેલા જ એસસી અને એસટી એક્ટ પર મોદી સરકારના નિર્ણય બાદ સવર્ણ જાતિઓમાં નારાજગી જોવા મળી હતી. વિધાનસભાની ચૂંટણીમાં ત્રણ રાજ્યોમાં મળેલી હારને ધ્યાનમાં લઈને આને સવર્ણ લોકોને પોતાની તરફેણમાં લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. મોદીના આ માસ્ટરસ્ટ્રોકથી જનતાને ફાયદો થશે જ્યારે વિરોધીઓની પરેશાની વધશે.

કલેકટર અને શહેર પોલીસ કમિશનરે શહેરના ૧૪૫ સ્ટેમ્પ વેન્ડર્સ અને સબ રજીસ્ટ્રાર્સ સાથે બેઠક યોજી





સ્ટેમ્પસનું વેચાણ કાયદેસરના નિયમોને અનુસરીને જ કરવા સહિત જરૂરી તકેદારીઓનું માર્ગદર્શન આપ્યુ સ્ટેમ્પ્સ વેચાણ અને દસ્તાવેજોની નોંધણી સહિતની બાબતોમાં મહેસુલ અને પોલીસ તંત્ર વચ્ચે ચુસ્ત સંકલનની પ્રક્રિયા ત્રણ મહિનાથી હાથ ધરવામાં આવી છે

વડોદરા : સંપત્તિના મૂળ માલિકો સાથે છેતરપીંડીની શક્યતાઓ ટાળવા સ્ટેમ્પસના વેચાણ અને દસ્તાવેજોની નોંધણી સહિતની બાબતોમાં મહેસુલ અને પોલીસ તંત્ર વચ્ચે, સંપત્તિ વિષયક છેતરપીંડીના કિસ્સાઓ અને ફરિયાદોના અનુભવોના આધારે ચુસ્ત સંકલનની પ્રક્રિયા બંને તંત્રો તરફથી છેલ્લા ત્રણ મહિનાથી હાથ ધરવામાં આવી હતી.

આ પ્રક્રિયાના ભાગરૂપે આજે કલેકટર કચેરીના ધારાસભા ખંડમાં જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલ અને શહેર પોલીસ કમિશનર અનુપસિંહ ગહલૌતે શહેરના ૧૪૫ સ્ટેમ્પ વેન્ડર્સ અને જિલ્લાના તમામ સબ રજીસ્ટ્રાર્સ સાથે બેઠક યોજીને સ્ટેમ્પસના વેચાણમાં પાળવાના નિયમો અને લેવાની તકેદારીઓનું તેમજ સ્ટેમ્પસના બિન અધિકૃત વેચાણ, ગેરરીતિ ભર્યા વેચાણથી સંપતિ સામે સર્જાતા જોખમો અને કાયદા અનુસાર ભોગવવા પડતા પરિણામોનું વિગતવાર માર્ગદર્શન આપ્યુ હતું.

આ અગાઉ મહેસુલી તંત્ર ધ્વારા સ્ટેમ્પ વેન્ડર્સના પરવાના, સ્ટેમ્પ ખરીદ-વેચાણ સહિતના રજીસ્ટર્સ, હાલમાં તેમની પાસે સ્ટેમ્પસનો ઉપલબ્ધ જથ્થો, વેચાણ, સિલક ઈત્યાદિની સઘન અને સર્વગ્રાહી ચકાસણી અઢાર જેટલી ટીમો બનાવીને કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કશુ અજુગતું જણાશે તો મહેસુલી તંત્રના નિયમો અનુસાર આગાળની કાર્યવાહી કરવામાં આવશે તેમ કલેકટરે જણાવ્યુ હતું. હવે પછી જિલ્લાના સ્ટેમ્પ વેન્ડર્સ અને નોટરીઝ સાથે આ પ્રકારની બેઠક યોજવામાં આવશે એ ઉલ્લેખનીય છે.

જિલ્લા કલેકટર શ્રીમતી શાલિની અગ્રવાલે જણાવ્યું કે જેની જમીન કે સંપત્તિ હોય તે જાતે જ અથવા તેમના કાયદેસરના અધિકારો ધરાવતા પ્રતિનિધિ જ ટ્રાન્ઝેકશન કરે તે જરૂરી છે. કોઈના દબાણ હેઠળ સ્ટેમ્પ વેન્ડર્સ, નોટરી, અધિકારી કે કર્મચારી કોઈ ખોટું કામ ન કરે તેની ગાઈડ લાઈન્સ આધારીત સમજ આપવામાં આવી છે. તે મણે જણાવ્યું કે મહેસુલ અને પોલીસ તંત્ર સાચા માલિકોના જમીન-સંપત્તિ વિષયક અધિકારોનું રક્ષણ કરવા કૃત સંકલ્પ છે. છેતરપીંડી કરનારાઓ, ખોટું કરનારાઓ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવશે.

જમીન તથા સંપત્તિની લે-વેચ અને દસ્તાવેજોની નોંધણીમાં મુખ્યત્વે સ્ટેમ્પ વેન્ડર્સ, નોટરીઝ અને સબ રજીસ્ટ્રાર કચેરીની મુખ્ય ભૂમિકા છે એવી જાણકારી આપતાં શહેર-પોલીસ કમિશનરે જણાવ્યું છે કે અનુભવે જણાયું છે કે ગેરરીતેઓ અને છેતરપીંડીના કેસોમાં બહુધા જુના સ્ટેમ્પસનો ઉપયોગ કરવામાં આવે છે. ૨૦૧૮માં કરવામાં આવેલા દસ્તાવેજોમાં પાંચ થી છ વર્ષ પહેલાના સ્ટેમ્પ વપરાયા હોય એવું ધ્યાનમાં આવ્યુ છે. નિયમાનુસાર સ્ટેમ્પસની ૬ મહિના કે જે મુદ્દત હોય તે પછી રીવેલીડેશન કરાવવું જોઈએ એવો નિયમ છે. તેના આધારે સ્ટેમ્પ વેન્ડર્સ, સબ રજીસ્ટ્રાર્સ, નોટરીઝએ લેવાની તકેદારીઓની ગાઇડ, લાઈન્સ મહેસુલ અને પોલીસ વિભાગે તૈયારી કરી છે. તેના પાલનની આજની બેઠકમાં રૂપરેખા અને માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. પોલીસ તંત્રને જ્યારે પણ ખોટી રીતે જમીન કે સંપત્તિ હડપવાના પ્રયાસની માહિતી કે ફરિયાદ મળે છે ત્યારે સંબંધિત સબરજીસ્ટ્રારને પણ સંબંધિત સંપત્તિને લગતો વ્યવહાર સ્થગિત કરી દેવા જાણ કરવામાં આવે છે.

નિવાસી અધિક કલેકટર ડી.આર.પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓએ બેઠકમાં કાયદાકીય બાબતો, અનુસરવાની પ્રક્રિયાઓ ઈત્યાદિની વિગતવાર જાણકારી આપી હતી

ગુજરાતને એઈમ્સની ભેટ આપવા બદલ રાજયના નાગરિકો વતી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરતા-કૃષિ મંત્રી આર.સી.ફળદુ

ગંભીર બીમારીમાં ઘર આંગણે સસ્તી સારવાર ઉપલબ્ધ થશે

રાજયના નાગરિકોને ગંભીર બિમારીમાં વૈશ્વીક કક્ષાની આરોગ્યલક્ષી સારવાર ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતને એઇમ્સ હોસ્પિટલની ભેટ આપી છે તે બદલ રાજયના નાગરિકો વતી કૃષિ મંત્રી આર.સી.ફળદુએ આભાર વ્યકત કર્યો છે.

મંત્રી આર.સી.ફળદુએ કેન્દ્રીય આરોગ્યમંત્રી જે. પી. નડ્ડાનો સમગ્ર ગુજરાતની જનતા વતી આભાર વ્યકત કરતાં જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારે આરોગ્યલક્ષી અનેકવિધ યોજનાઓ કર્યાન્વીત કરી છે. નાગરિકોને બિમારીમાં મોંઘી દવાથી છુટકારો મળે તે માટે સસ્તી અને ગુણવતાયુકત દવાઓના જેનરિક મેડીકલ સ્ટોર જન ઔષધી તથા આયુષમાન ભારત યોજનાની શુભ શરૂઆત બાદ ગુજરાતમાં રાજકોટ ખાતે ૧૨૦૦ કરોડના ખર્ચે એઇમ્સ બનાવવાની મહત્વની જાહેરાત કરી છે. જેનો લાભ રાજય તથા રાજય બહારના નાગરિકોને મળશે. ફળદુએ ઉમેર્યુ કે, અદ્યતન સુવિધાઓથી સજજ એઇમ્સ હોસ્પિટલ બનતા અનેકવિધ જટીલ રોગોની ખર્ચાળ તબીબી સારવાર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોને આસાનીથી ઉપલબ્ધ થશે. હવે ગંભીર બિમારીની સારવાર માટે ગુજરાતવાસીઓએ હવે દિલ્હી-મુંબઇ જવુ નહિં પડે અને ગંભીર બિમારીની સસ્તા દરે હવે ઘર આંગણે જ સારવાર થશે.

બિનખેતીની પ્રક્રિયા ઝડપી બનાવવા જિલ્લા કક્ષાએ સત્તાનું વિકેન્દ્રીકરણઃ મહેસૂલ મંત્રી કૌશિક પટેલ

વહીવટી પ્રક્રિયા સરળ અને વધુ વેગવંતી બનાવવાના 'અ' વર્ગની ૧૮ નગરપાલિકા વિસ્તારો માટે મામલતદાર (શહેર)ની અલગ જગ્યા ઉભી કરાઈ

મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યું કે, રાજય સરકાર દ્વારા પ્રજાલક્ષી કલ્યાણકારી વિવિધ યોજનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામેલ હોઈ, પ્રજાજનોને સ્થાનિકકક્ષાએ સરળતાથી અને નજીકના અંતરે મળી રહે તે હેતુસર ૧ લાખથી વધુ વસ્તી ધરાવતી 'અ' વર્ગની ૧૮ નગરપાલિકા વિસ્તારોમાં હાલની મામલતદાર કચેરીઓનું વિભાજન કરી મામલતદાર (ગ્રામ્ય) અને મામલતદાર (શહેર) એમ બે અલગ કચેરીઓ ઉભી કરવા રાજય સરકારે નિર્ણય લીધો છે તે અન્વયે તાત્કાલીક અસરથી ૧૮ નગરપાલિકા વિસ્તારો (૧) અમરેલી (૨) ભૂજ (૩) કલોલ (૪) વેરાવળ (૫) ગોધરા (૬) પાટણ (૭) પોરબંદર (૮) પાલનપુર (૯) ડીસા (૧૦) ભરૂચ (૧૧) બોટાદ (૧૨) મહેસાણા (૧૩) જેતપુર (૧૪) ગોંડલ (૧૫) મોરબી (૧૬) વાપી (૧૭) વલસાડ (૧૮) સુરેન્દ્રનગર મામલતદાર (શહેર)ની અલગ કચેરીઓ ઉભી કરવામાં આવશે. મામલતદાર (શહેર)ની નવી જગ્યાઓ અને કચેરીના નિર્ણયથી શહેરી વિસ્તારોના નાગરીકોને મહેસૂલી સેવાઓ મેળવવામાં વધુ સુગમતા રહેશે.

મહેસૂલ મંત્રી પટેલે જણાવ્યું કે, બિનખેતી બાબતે રાજય સરકાર દ્વારા લીધેલા નિર્ણયોને આગળ વધારતા કલેકટર કચેરી કક્ષાએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરી બિનખેતી પરવાનગીની સત્તાઓ કલેકટરકક્ષાએ તથા નિવાસી અધિક કલેકટરકક્ષાએ વહેંચવાનો નિર્ણય રાજય સરકારે લીધેલ છે. જે મુજબ ઝ અને ઠ કક્ષાની નગરપાલિકાઓ, છેલ્લી વસ્તી ગણતરી મુજબ રાજયના ૩ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં અને ૧ એકર સુધીની જમીન મર્યાદામાં બિનખેતી પરવાનગી આપવાની સત્તા નિવાસી અધિક કલેકટરને સોંપવામાં આવેલ છે જ્યારે તે સિવાયના તમામ વિસ્તારો માટે બિનખેતી પરવાનગી આપવાની સત્તા કલેકટરશ્રી હસ્તક રાખવામાં આવેલ છે.

મહેસૂલ મંત્રીએ ઉમેર્યું કે, મહેસૂલી પ્રક્રિયાનું ડીઝીટાઈઝેશન થાય તે પ્રક્રિયાને આગળ વધારતા બિનખેતી પરવાનગી મેળવ્યાં બાદ સિસ્ટમ જનરેટેડ બિનખેતી પરવાનગી હુકમની સીધી જ નોંધ ઈ-ધરામાં થાય તેવી વ્યવસ્થા ફેબ્રુઆરી ૨૦૧૯થી અમલી બનશે

સ્પેશિયલ ખેલ મહાકુંભમાં

ડાંગના દિવ્યાંગ ખેલાડી રામભાઈ રાઠોડને રાજ્ય કક્ષાનો ગોલ્ડ મેડલ

ગોલ્ડ મેડલ સાથે રૂા.૧૦ હજારનો રોકડ પુરસ્કાર

આહવા

રાજય સરકારના ખેલ મહાકુંભના માધ્યમથી અનેક નામી/અનામી છૂપાયેલી શક્તિઓને બહાર લાવવામાં તંત્રને મળી રહેલી સફળતા સાથે, ક્ષમતાવાન ખેલાડીઓને પણ તેમની શ્રેષ્ઠતા સાબિત કરવાની તક સાંપડી રહી છે.

રાજ્યના છેવાડે આવેલા આદિવાસી જિલ્લામાંથી પણ ખેલ મહાકુંભને કારણે આજે દેશને મુરલી ગાવિત, અને સરિતા ગાયકવાડ જેવા આંતરરાષ્ટ્રીય દોડવીરો પ્રાપ્ત થયા છે. ત્યારે અહીંથી આવી જ અનેક ખેલપ્રતિભાઓ પણ જુદા જુદા સ્તરે તેમની ક્ષમતાનો પરચો આપી રહી છે.

આવા જ એક દગુનિયા ગામના દિવ્યાંગ ખેલાડી છેલ્લા પાંચ પાંચ વર્ષોથી શારીરિક વિકલાંગતા સાથે પણ ડાંગ જિલ્લાને ચી કૂદમાં રાજયકક્ષાએ સ્વર્ણપદક અપાવીને, તેની શ્રેષ્ઠતા સાથે ડાંગ જિલ્લાને ગૌરવ અપાવી રહ્યાં છે. ડાબા હાથ વિનાના શ્રી રામભાઈ રાઠોડ નામના ડાંગ જિલ્લાના દિવ્યાંગ ખેલાડીએ તાજેતરમાં નડિયાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાની ચી કૂદમાં ૧.૪૦ મીટરની છલાંગ લગાવીને, ૩૩ જિલ્લાના ખેલાડીઓને માત આપી સ્વર્ણપદક સાથે રૂા.૧૦ હજારની પ્રાઈસ મની પણ પોતાને નામે કરી છે.

આહવાના કોચ શ્રી રાજેશ પટેલ તથા સોનગઢના ટીમ મેનેજર શ્રી સમીર પઠાણના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા રામભાઈ રાઠોડે તેમની આ સફળતા માટે તત્કાલિન મુખ્યમંત્રી-વ-દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત ભદરપાડા ગુરૂકુળ આશ્રમશાળાના સંચાલક શ્રી કિશોરભાઈ પટેલને તેમના પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા છે.

મહિલા રોકડ પુરસ્કાર યોજના માટે અરજીઓ મંગાવાઈ

વલસાડ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષે વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય સ્પર્ધાઓ અંડર ૧૪, ૧૭ અને ૧૯ તેમજ સ્કૂલ ગેઇમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત રાજ્યકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હોય કે ભાગ લીધો હોય તેવી મહિલા ખેલાડીઓને કોઇ પણ એક જ રમતમાં તેમજ એક જ સિદ્ધિ માટે 'મહિલા રોકડ પુરસ્કાર યોજના' અમલમાં છે. જે અંગેનું ફોર્મ ભરી સીનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સેવાસદન-૧, ૬ ઠ્ઠા માળે, ધરમપુર રોડ વલસાડને તા.૧૨/૨/૨૦૧૯ સુધીમાં મોકલી આપવાની રહેશે. વધુમાં ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં આ પુરસ્કારથી વંચિત રહી ગયેલી મહિલા ખેલાડીઓ પણ અરજી કરી શકશે. આ અંગે વધુ જાણકારી માટે રમત પ્રશિક્ષણ કચેરી, વલસાડનો રૂબરૂ અથવા ટેલીફોન નંબર ૦૨૬૩૨-૨૫૪૬૦૫ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

સુરતમાં બીજા દિવસે પણ વિવિધ મજૂર સંગઠનોની હડતાળ યથાવત

નાનપુરા વિવેકાનંદ સર્કલ પાસે વિરોધ પ્રદર્શન યોજાયું

સુરત

દેશના તમમ કેન્દ્રીય શ્રમિક સંગઠનો દ્વારા કામદાર વિરોધીઅને ઉદ્યોગપતિઓ તરફી કેન્દ્ર સરકારની નીતિઓના વિરોધમાં સત આજે બીસજા દિવસે કામદાર યુનિયનોનો હડતાળ યથાવત રહી આજે શહેરના મક્કાઈપુલ ખાતે કામદારોએ ભેગા થઈ સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન દ્વારા દેખાવો કર્યો હતો.

સુરત સુધરાઈ મજદૂર યુનિયન પોસ્ટલ જોઈન્ટ કાઉન્સિલ, આઈટી કર્મચારી યુનિયન, આંગણવાડી વર્કરો, મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયતના ફિક્સ વેતન કર્મચારી, બેન્ક કર્મચારીઓ દ્વારા આજે સતત બીજા દિવસે પણ પણ હડચતાળને સજજડ પ્રતિસાદ મળ્યો હતો. કામદારોને સામાજિક સુરક્ષા, લઘુત્તમ વેતન, સ્થાનિક શ્રમિકોને પ્રાધાન્યતા જેવી વિવિધ મુદ્દે બે દિવસથી હડતાળ શરૂ કરી છે. સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો, રોજમદારો, કોન્ટ્રાક્ટ કર્મચારીઓ, આંગણવાડી બહેનો પણ હડતાળમાં જોડાઈ હતી.

હડતાળના બીજા દિવસે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧ સુધી સ્વામી વિવેકાનંદ પુતળા, મક્કાઈપુલ નજીક કર્મચારીઓ અને યુનિયન આગેવાનો ભેગા થયા હતા. આજે કામદારોએ દેખાવ અને સૂત્રોચ્ચાર કર્યો હતો. સતત બે દિવસની હડતાળથી કેન્દ્ર સરકાર હવે કર્મચારીઓના પડતર મુદ્દે ધ્યાન આપે તેવી આશા કામદાર આગેવાનો દ્વારા વ્યકત કરવામાં આવી છે.

તા.૧૩'મીએ કૃષિ યુનિવર્સિટીમાં માજી સૈનિકોની આઉટ રીચ રેલી

દક્ષિણ ગુજરાતના માજી સૈનિકો માટે સૂચના

નવસારી

તા.૧૩/૧/૧૯ ના રોજ સવારે ૯-૦૦ થી ૧૫-૦૦ કલાકે ઓડીટોરિયમ નવસારી એગ્રીકલ્ચર૨ર યુનિ.ખાતે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, ભરૂચ, નવસારી, તાપી, નર્મદા, આહવા-ડાંગના માજી સૈનિકોની આઉટ રીચ રેલી આર્મી સ્ટે,શન હેડકવાર્ટર્સ વડોદરા દ્વારાયોજાશે.

માજી સૈનિકો વોર વેટરનેસ, વિધવાઓ તેમજ વારસદારોને લગતા પેન્શનન, મેડીકલ તેમજ અન્યક પ્રશ્નોનો નિકાલ કરવમાં આવશે. સભાસ્થજળે મેડીકલ ચેકઅપ અને કેન્ટી ન તેમજ અલ્પાઅહાર અને વાહન વ્યકવહારની વ્ય વસ્થાજ નવસારી બસ સ્ટોશન અને નવસારી રેલ્વેમ સ્ટેાશનથી આવવા-જવા માટે રાખવામાં આવેલી છે. તમામ માજી સૈનિકો, વોર વેટરનેસ, વિધવાઓ, વારસદારોએ પોતાના પ્રશ્નોનો ત્વઆરીત નિકાલ થાય તે માટે ઉપસ્થિતરહેવા આર્મી સ્ટેશન હેડ કવાર્ટર્સ વડોદરાની યાદી જણાવે છે.

ભાનુશાળી હત્યા કેસમાં છબીલ પટેલની સંડોવણી નથી : દિનેશ પટેલ

છબીલ પટેલના ભાઈએ આરોપોનું ખંડન કર્યું

અમદાવાદ

ભાજપના દિગ્ગજ નેતા જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં ભાજપના જ નેતા છબિલ પટેલ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. જયંતિ ભાનુશાળીના પરિવારના લોકોએ આક્ષેપ લગાવ્યો છે કે છબિલ પટેલે જ તેમની હત્યા કરાવી છે. બીજી તરફ છબિલ પટેલ હાલ અમેરિકા હોવાનું સામે આવ્યું છે. અહીં તેમના નાનાભાઈએ જણાવ્યું હતું કે તેમના મોટાભાઈ એકદામ નિર્દોષ છે, તેમને ફસાવવામાં આવી રહ્યા છે.

છબિલ પટેલ પર લાગેલા આક્ષેપ અંગે પ્રતિક્રિયા આપતા અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રાયણના માળ કંપા ખાતે રહેતા છબિલ પટેલના નાનાભાઈ દિનેશ પટેલે જણાવ્યું કે, ×મારા ભાઈ સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે. તેઓ લોકોને ખૂબ મદદ કરે છે. હત્યા કરાવે એવા તેમના સંસ્કાર જ નથી. તેમના પર ખોટા આક્ષેપો કરવામાં આવ્યા છે. બંને વચ્ચે વિવાદ હતો ત્યારે તો તેઓ આવું કરે જ નહીં. કોઈ બીજાએ આ કૃત્ય કર્યું છે અને તેમનું નામ આવ્યું છે. બનાવ બાદ તેમણે અમારો કોઈ સંપર્ક કર્યો નથી. ટીવીમાં જોઈને અમને આ વાતની ખબર પડી હતી. પટેલ રાયણના માળ કંપા ગામના વતની છે. અહીં જ તેમનો જન્મ થયો હતો. એટલું જ તેમણે અભ્યાસ પણ અહીં જ કર્યો હતો. બાદમાં અહીંથી મુંબઈ અને બાદમાં ગાંધીનગર ગયા હતા. છબિલ પટેલના નાનાભાઈના કહેવા પ્રમાણે તેમની મોટાભાઈ સાથે ક્યારેક વાતચીત થતી હતી. જયંતિ ભાનુશાળીની હત્યા બાદ છબિલ પટેલે તેમની સાથે કોઈ જ વાતચીત કરી નથી. ભાજપના નેતા જયંતિ ભાનુશાળીની હત્યા મામલે પોલીસે પાંચ લોકો સામે ફરિયાદ દાખલ કરી છે. આ પાંચ લોકોમાં છબિલ પટેલ, તેમનો પુત્ર સિદ્ધાર્થ પટેલ, અમદાવાદના નરોડા ખાતે રહેતી મનીષા ગોસ્વામી, જયંતિ ઠક્કર અને ઉમેશ પરમાર નામના વ્યક્તિનો સમાવેશ થાય છે.

ભારત ભવનથી કેવડિયા ગામ તરફ માપણી કરતા અધિકારીઓ ને ગામલોકોએ ભગાડ્યા

આધિકારીઓ માપણી કરતા હતા ત્યારે મહિલાઓ દોડી આવી અને સેની માપણી કરો છો એમ કહી આક્રોશ વ્યક્ત કરતા કામગીરી અટકી અધિકારીઓ જતું રેહવું પડ્યું



રાજપીપળા : કેવડિયા સહીતના ગામોમાં આદિવાસીઓનો એક સુર બની ગયો છે અને હવે બેખોફ ગ્રામજનો અધિકારીઓને કોઈપણ કામ કરવા દેતા નથી અને હવે જમીનનો એક પણ ટુકડો આપવા માંગતા નથી જેથી જયારે પણ કોઈ કામગીરી નવી થાય જેમાં ગ્રામજનો વિરોધ ચોક્કસ નોંધાવે છે.

મળતી માહિતી મુજબ નર્મદા બંધ અને સ્ટેચ્યુ પર પ્રવાસીઓ હાલ મુલાકાતીઓ તરીકે આવે છે કેમકે જ્યા રહેવાની જોઈએ એવી સુવિધા નથી ત્યારે સરકાર દ્વારા વિવિધ દેશોના ભવનો અને બીજી હોટેલો બનાવવા સ્થાનિક કેવડિયા ગામ સહિત આજુબાજુના ગામો હટાવવા પડે એમ હોય સ્થાનિક આદિવાસીઓમાં હવે બચેલી જમીનો પણ સરકાર લઈ લેશે તેવો ડર હંમેશા સતાવતો આવ્યો છે અને હવે એટલા ડરી ગયા છે કે વાતે વાતે આંદોલન કરે છે. ત્યારે આજે વાત એમ બેની કે સ્થાનિક આધિકારીઓ જમીન માપણી કરતા હતા ભારત ભવનથી આજુ બાજુની જમીનો માપતા હતા. ત્યારે કેવડિયા ગામની મહિલાઓ સાથે ગામલોકો દોડી આવ્યા અને આધિકારીઓની શેની માપણી કરો છો એ પૂછપરછ કરી જણાવ્યું કે આ જમીનો તમારા બાપની નથી તેમ કહી ધક્કે ચડાવ્યા અને આધિકરીએ એમને સમજાવ્યા છતાં કોઈ કામગીરી નથી કરવાની તેમ ગ્રામજનોએ કહી ઉગ્ર સ્વરૂપે બોલતા અધિકારીઓ કામગીરી છોડી ભાગવું પડ્યું હતું . અત્રે ઉલ્લેખનીય છે કે વારંવાર થતા વિવાદો વચ્ચે સરકાર કેમ કરીને વિકાસના કામો કરશે અને સરકાર સ્થાનિકોને હટાવી બહારના લોકોને સેટ કરવા કરતા સ્થાનિક લોકોને રોજગારી મળે તેમને સુવિધા ઉભી કરવામાં સરકાર મદદ કરે એમ ન થતા લોકોમાં રોષ ફેલાયો છે.

પ્રજાસત્તાક દિનની ગરિમા પૂર્વક ઉજવણીના આયોજન અંગે બેઠક

ગણતંત્ર દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે

નવસારી

જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગરિમાપૂર્વક અને ઉલ્લાસભેર વાતાવરણમાં યોજાય તેના આયોજન માટે જિલ્લા કલેકટરશ્રી ડો.એમ.ડી.મોડીયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો.મોડીયાએ જણાવ્યું હતું કે,નવસારી જિલ્લાનો તા.૨૬ મી જાન્યુ આરી-૨૦૧૯પ્રજાસત્તાક પર્વની ઉજવણી નવસારી ખાતેના લુન્સી કુઇ ગ્રાઉન્ડત ખાતે કરાશે. જિલ્લાકક્ષાની ઉજવણી પ્રભાતફેરી, સ્વીચ્છ તા, સાંસ્કૃ તિક કાર્યક્રમો, દેશભક્તિગીતો તથા પોલીસ વિભાગ દ્વારા હોમગાર્ડ, એ ન . સી . સી . પ્લાસન્ટુઈનનો પરેડ શો, શસ્ત્રાપ્રદર્શન, ટ્રાફિક એવરનેશ જાગૃતિ તેમજ વિવિધ વિભાગોના ટેબ્લો રજૂ કરવામાં આવશે. સાથે સાથે સ્વાાતંત્ર્ય સેનાનીઓનું વિશેષ સન્માન કરાશે. નવસારીમાં સરકારી ઈમારતોને રોશનીથી શણગારાશે. સફાઇ ઝુંબેશ, મહોલ્લા શેરીઓની સફાઇ ઝુંબેશ યોજાશે. જિલ્લા કલેકટર ડો.મોડીયાએ કહ્યું હતું કે, તા.૨૫મી જાન્યુઆરીના રોજ નાગરિકોના આરોગ્યુને ધ્યામનમાં લઈ આરોગ્ય. કેમ્પય, બલ્ડઈ ડોનેશનનું આયોજન હાથ ધરાશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.જી.ગોહિલ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયા, નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ સહિત જિલ્લાના અ મ લ ી ક ર ણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણીનું આયોજન

સ્વામી વિવેકાનંદ જન્મ દિને કાર્યક્રમ યોજાશે

અંકલેશ્વર

દેશના સાચા અર્થમાં સપૂત અને પ્રખર વિદ્વાન એવા સ્વામી વિવેકાનંદના જન્મ દિવસની ઉજવણી રાષ્ટ્રીય યુવા દિન તરીકે અંકલેશ્વરમાં કરાશે.

અંકલેશ્વર ખાતે કાર્યરત રામકૃષ્ણ વિવેકાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્ર દ્વારા તા.૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદના જન્મ દિને ડાયમંડ ચિલ્ડ્રન્સ થિયેટર ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં પૂનાના રામકૃષ્ણ મઠ અને મિશનના સ્વામી હરેશાનંદ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જીઆઈડીસીની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે અને સ્વામી વિવેકાનંદના જીવનથી માહિતગાર થશે. કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદની શોર્ટ ફિલ્મ પ્રદર્શિત કરાશે. વિશેષ વક્તા દિનેશ સેવક પોતાના અને સ્વામી વિવેકાનંદના વિચારો આવતીકાલની પેઢી સુધી પહોંચાડી સ્વામી વિવેકાનંદનું લક્ષ્ય પણ સમજાવશે. ખાનગી શો રૂમ, દુકાનોમાં પણ સ્વખર્ચે સીસીટીવી કેમેરા લાગી ગયા છે. પરંતુ સરકારી ખર્ચે, સરકારી કચેરીમાં સીસીટીવી લગાવવામાં સીડીએમ મામલતદાર કચેરી પાછી પડી રહી છે. કયા કારણોસર આ દિશામાં સરકારી અધિકારીઓ આગળ નથી વધતા એ વિચાર માંગી લે એવી બાબત છે.

સીસીટીવીની વાત ઉપરાંત આવતા લોકો માટે બેઠકની પણ વ્યવસ્થા જળવાઈ નથી. પીવાના પાણીની વ્યવસ્થા નથી. આટલું મોટું સંકુલ વૃક્ષો વિના તરફડી રહ્યું છે. સરકાર કે સરકારી બાબુઓ અને નેતાઓ હરિયાળા ગુજરાતની વાતો કરે છે. પરંતુ સરકારી એકમો જ પર્યાવરણ નાગરિક અધિકારની પરવા નથી કરતા એ અંકલેશ્વરની મામલતદાર કચેરીનું સંકુલ જેઈને પુરવાર થાય છે. એજન્ટરાજની ભોગ બનેલી આ કચેરીને સ્થાનિક રાજનેતાઓ પણ કેમ આ બાબતે ટોકતાં નથી. એ પ્રજમાં ચર્ચાનો વિષય છે. સીસીટીવી એટલા માટે નથી લગાવાતા કે એજન્ટોની દલાલીનો અને મામલતદાર કચેરીના અમૂક અધિકારીઓએ ભેદ ખુલ્લો પડી જાય?? જવાબની રાહ હવે જનતા જોઈ રહી છે.

દિલ્હીગેટ સુથાર ફળીયામાં ગેરકાયદે બાંધકામ તોડી પડાયું

સુરત

સેન્ટ્રલ ઝોનના ડે.કમિશનર અને કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૪૨૬૭, ૪૨૬૮, સુથાર ફળીયુ, દિલ્હીગેટ પાસે વાળી મિલ્કતમાં મિલ્કતદાર મહેમુદભાઈ અબ્દુલ હમીદ શેખ તથા અન્યો દ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરૂદ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૮-૧-૨૦૧૯ના રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાના સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીશન કરવામાં આવેલ.

સુરતમાં મકરસંક્રાંતિ પૂર્વે કાઈટ ફ્લાયિંગ નવી ટોચે

ફિનાલે અમદાવાદ ખાતે ૧૩ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ યોજાશે

સુરત

મકર સંક્રાંતિને ભલે થોડા દિવસોની વાર હોય પરંતુ પતંગનો ઉત્સાહ સુરત શહેરમાં પ્રસરી ગયો છે તેની સાથે રેડ બુલ કાઇટ ફાઇટ ૨૦૧૯ની પાંચમી આવૃત્તિ માટે આ શહેર ક્વોલિફાઇ થઈ ગયું છે વિવિધ આકારના રંગબેરંગી પતંગો આકાશમાં ઘરેણાની જેમ ચમકી રહ્યા છે. સુરત ક્વોલિફાયરમાંથી ૫ જાન્યુઆરીએ એકત્ર થતા નવસર્જન એપાર્ટમેન્ટ ખાતે દેશભરના પતંગબાજોમાંથી વાર્ષિક કાઇટ ફ્લાયીંગ સ્પર્ધાના શ્રેષ્ઠ પતંગબાજ નક્કી થશે.અગાઉની આવૃત્તિમાં હતું તેમ આ ક્લોવિફાયર્સ લાસ્ટ-મેન સ્ટેન્ડિંગ સર્વાઈવલ અનુસાર રહેશે કેમ કે પાંચ વિવિધ પ્રકારના પતંગ દ્વારા પતંગબાજોની કરતબની કુશળતાની ચકાસણી કરશે. રેડ બુલ કાઇટ ફાઇટ ૨૦૧૯માં સુરત ક્વોલિફાયર્સમાં ૧૩૦ પાર્ટિસિપન્ટ્સ વચ્ચે અમદાવાદ ખાતે ૧૩ જાન્યુઆરીના રોજ યોજાનારી ફાઇનલમાં સ્થાન મેળવવામા આકાશી યુદ્ધ જામ્યુ હતું. અજય પરમાર, વિશય વાયલા અને મહેશ પથારેએ ફાઇનલમાં પોતાનું સ્થાન સલામત રાખવા માટે બાકીના પતંગબાજોનો દોરીઓ કાપી નાખી હતી. રેડ બુલ ફાઇટ સ્પર્ધાની જેમ પરંપરાગત કાઇટ ફ્લાયીગ તહેવાર પૂરો પાડે છે.

તા.૧૦'મીએ સોનગઢ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

દેશ-વિદેશના પતંગબાજો કલા અને કૌશલનું પ્રદર્શન કરશે

વ્યારા

આગામી તા. ૧૦મી, જાન્યુઆરીના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તાપી જિલ્લાના સોનગઢ ખાતે આવેલી આદર્શ નિવાસી શાળાની સામેના મેદાનમાં યોજાનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં દેશ વિદેશના ૮૦ પતંગબાજો ભાગ લેશે.

તાપી જિલ્લાના કલેકટર એન.કે.ડામોરના સીધા માર્ગદર્શન હેઠળ આગામી તા. ૧૦મી, જાન્યુઆરીના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસન નિગમ લિમીટેડ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપકમે યોજાનારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં માત્ર ભારતના જ નહિં પરંતુ અન્ય દેશોના પતંગબાજો પણ તેમના પતંગબાજીના કલા-કૌશલનું પ્રદર્શન કરશે. જિલ્લા કલેકટર તરફથી મળતી વિગતો અનુસાર આગામી સોનગઢ ખાતે યોજાનારા આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, બેલારૂસ, બેલ્જીયમ, બ્રાઝીલ, બલ્ગેરિયા, કોમ્બોડિયા, કેનેડા, ચીલી, ચાઈના, કેમરૂન, કોલંબિયા, ક્રોએશિયા, એસ્ટોનિયાના વિદેશી પતંગબાજો તથા બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, કેરળ અને રાજસ્થાનના પતંગબાજો પણ તેમના પતંગબાજીના કૌશલ્ય અજમાવશે.

વધુમાં દેશ વિદેશમાં આકર્ષણનું કેન્દ્ર બની ચૂકેલા ઉત્તરાયણ પર્વના ઉપલક્ષમાં સોનગઢ ખાતે દેશ વિદેશના ૮૦ જેટલા પતંગબાજોની ભાતીગળ પતંગોના કલા કૌશલ્યથી ભરપૂર પતંગબાજી નિહાળવા માટે જાહેર જનતાને કલેકટર એન.કે.ડામોર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.













સફલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગો શરૂ કરાયા



વલસાડ

વલસાડના સફલ ચેરીટીબલ ટ્રસ્ટ, મોટા બજાર, જુમ્મા મસ્જિદની સામે વલસાડ ખાતે રાજ્ય સરકાર દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના તાલીમ વર્ગો વિનામૂલ્યે ચલાવવામાં આવે છે. જેમાં દહેજ પ્રતિબંધક અધિકારી શૈલેષ કણજરીયા, સમાજ સુરક્ષા અધિકારી દિવ્યેશ પટેલ તેમજ શ્રમયોગી કલ્યાણ બોર્ડના તરસંગજી ઠાકોર, હર્ષભાઇ પટેલ, સંજયભાઇ પટેલ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ દરમિયાન નિ:શુલ્ક સેવા આપી રહ્યા છે. આ તાલીમ વર્ગમાં ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, નાયબ સેકસન અધિકારી, નાયબ મામલતદાર, કોન્સ્ટેબલ, પોલીસ ભરતી બોર્ડ વગેરે જેવી સરકારી નોકરીઓ માટે જરૂરી માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી રહ્યું છે. હાલ ત્રીજો બેચ ચાલી રહ્યો છે. હવે પછીના બેચમાં જે ઉમેદવારો આ નિ:શુલ્ક તાલીમ વર્ગમાં તાલીમ મેળવવા માગતા હોય તેમણે સંસ્થાનો ઉક્ત સરનામે રૂબરૂ સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

ખેરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોના નમૂનાઓની ચકાસણી કરાઈ

પલગામના એક વેપારી સામે એફ.એસ.એ. એક્ટ હેઠળ કેસ દાખલ કરાયો

વલસાડ

વલસાડના ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા ગત માસ દરમિયાન ચકાસણી કરાયેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓ પૈકી ઉમરગામ તાલુકાના પલગામ, ગંગાદેવી રોડ ખાતે આવેલા મે. એસ. નરેન્દ્રકુમાર એન્ડ કું. પાસેથી ફુડ સેફટી ઓફિસર જી.બી.પટેલે લીધેલા બાબા ઈન્ડસ્ટ્રીઝ કોરા ચના દાલ ફ્લોમ ૩૦ કે.જી.પેક બેગમાંથી લીધેલો નમૂનો મીસબ્રાન્ડ ફૂડ જણાતાં આ વેપારી સામે એફ.એસ.એ. એકટ-૨૦૦૬ અંતર્ગત કેસ દાખલ કરાયો હતો. ગત માસ ડિસેમ્બર-૨૦૧૮ દરમિયાન લેવાયેલા ૩૨ નમૂનાઓ તેમજ અગાઉના બાકી ૩૬ નમૂનાઓની ચકાસણી દરમિયાન ૩૭ નમૂનાઓ પાસ થયા હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવાયું છે.

પરવાસાની મીનલની કોઈને ભાળ મળે તો જાણ કરો

વલસાડના જિલ્લાના પારડી તાલુકાના પરવાસા ક્ંજી ફળિયામાં રહેતી મીનલબેન ધીરૂભાઇ પટેલનું તા.૨૨/૧૧/૧૮ના રોજ નાની દમણના રહેતા તેમજ મૂળ રહે. શાહપુર, પો.નાગાસરપુર થાણા ઓલ્ડ બંગાળ, જી.માલદા (વેસ્ટ બંગાળ)ના સુદીપ સુલાલ મંડલ લલચાવી-ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ ધીરુભાઇ પટેલે પારડી પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ભોગ બનનાર યુવતીની ઉંમર ૧૬ વર્ષ, ઊંચાઇ ૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, ઊંચાઇ આશરે ૫ ફૂટ, શરીરે મધ્યમ બાંધો છે. જે ગુજરાતી ભાષા જાણે છે. આ વર્ણનવાળી યુવતીની જો કોઇને ભાળ મળે તો સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટરની કચેરીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે ઈનોવેશન સાયન્સ ફેર પ્રદર્શન યોજાયું



વલસાડ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડ અને ડાંગના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે ઈનોવેશન સાયન્સ ફેરનું જિલ્લા કક્ષાનું પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનનું ઉદઘાટન ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી મણિલાલ ભુસારાના હસ્તે કરાયું હતું. આ પ્રદર્શનની ત્રણ હજાર કરતાં વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. પ્રદર્શનમાં પસંદ થયેલી ૭ કૃતિઓને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. આ કૃતિઓ હવે રાજયકક્ષાના પ્રદર્શનમાં પ્રદર્શિત કરાશે.

આ પ્રદર્શનમાં વલસાડ અને ડાંગ જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળામાંથી ૭૦ જેટલા ઈન્સ્પાયર એવોર્ડ પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ દ્વારા વૈજ્ઞાનિક વિચારો આધારિત મોડેલો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શની દરમિયાન ઈનોવેશન એન્ડ સાયન્સ વિષય ઉપર ગુજરાત નેચર કન્ઝર્વેશન સોસા. વડોદરાના સી.ઈ.ઓ. મુકેશ પાઠકે વક્તવ્ય આપ્યું હતું. ઉપરાંત ઈનોવેટીવ સાયન્સ એક્ષપરીમેન્ટસ, ફન એટ લો ટેમ્પરેચર વગેરે રોમાંચક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા.

આ પ્રદર્શનમાં સરકારી ઈજનેરી કોલેજ વલસાડ, બી.કે.એમ. સાયન્સ કોલેજ વલસાડ, કે.બી.એસ. નટરાજ સાયન્સ કોલેજ વાપી, આર.કે.દેસાઈ કોલેજ વાપી, દોલત ઉષા કાન્હલેજ વલસાડના તજજ્ઞ અધ્યાપકો તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડ-ડાંગના વિજ્ઞાન સલાહકારએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. આ અવસરે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વલસાડના પ્રાચાર્યા વર્ષાબેન કાપડીયા તેમજ ડાંગના પ્રાચાર્ય બી.એમ.રાઉત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વાય.એચ.પટેલ, જિલ્લા વિજ્ઞાન અધિકારી ઈકબાલ એ. ઢાલાઈત, બાયર ક્રોપ સાયન્સ ડીવીઝન વાપીના મહમ્મદ વોરા, વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પાર્થિવ મહેતા, ધરમપુરના ધર્મેન્દ્રસિંહ પરિહાર તેમજ બાળ વૈજ્ઞાનિક વિદ્યાર્થીઓ, શિક્ષકો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ડા.જ્ઞ.પંકજ દેસાઈ, કપિલદેવ વસાણી તેમજ જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના પ્રજ્ઞેશ રાઠોડે મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

Advance Furniture & Interior Point
BASIC PACKAGE | ECONOMY PACKAGE | PREMIUM PACKAGE
2BHK FULL FURNITURE 3,99,999/- | 2BHK FULL FURNITURE 6,49,000/- | 2BHK FULL FURNITURE 7,99,999/-
3BHK FULL FURNITURE 5,25,000/- | 3BHK FULL FURNITURE 7,99,999/- | 3BHK FULL FURNITURE 9,99,999/-
કલર, પી.ઓ.પી., ઈલેકટ્રીક તથા દરેક પ્રકારનું ઈન્ટિરીયર વર્ક કરી આપવામાં આવશે.
૧૨૯, રાજવર્લ્ડ શોપીંગ સેન્ટર, નિલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર કેનાલ રોડ, અડાજણ, સુરત. Mo: 99781 85706, 99781 85709 SUNDAY OPEN

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

રાજપીપળા નગરપાલિકા સેવાસેતુ કાર્યક્રમો કરે છે પણ મામલતદાર માંથી અરજદારોને દાખલાજ મળતા નથી...?!



- **આજે રાજપીપલા ટાઉનહોલ ખાતે યોજાશે નવો સેવાસેતુ કાર્યક્રમ પણ પાલિકાની મેહનત સફળ થશે...?**
- **અગાઉ છ મહિના પર યોજાયેલા સેવસેતુમાં એક હજાર જેવી દાખલાઓ માટેની અરજી માંથી મોટાભાગના અરજદારોને હજુ દાખલ મળ્યા નથી ત્યારે આવા કાર્યક્રર્મોનો શું મતલબ ...?!**
- **આમતો અરજીનો સ્થળ પર નિકાલ થાય એવી જાહેરાતો આ સરકારી કાર્યરમોમાં થાય છે પરંતુ સ્થળ છોડ્યા બાદ મહિનાઓ બાદ પણ કાંઈ થતું નથી**
- **છ મહિનાઓ સુધી જાતિ,આવક જેવા અનેક દાખલા મળતા ન હોય એના કરતા સીધા જેતે ખાતામાં જતા અરજદારોને બે ચાર દિવસમાં દાખલા મળે છે તો સ્થળ પર નિકાલ ક્યાં થયો...?**

રાજપીપળા : રાજપીપળા સરદાર ટાઉનહોલ ખાતે આજે ૨૦૧૯ ના વર્ષનો નગરપાલિકા હસ્તકનો પ્રથમ સેવાસેતું કાર્યક્રમ થવા જઈ રહ્યો છે આઉ પાલિકા હસ્તક ઘણા સેવાસેતું કાર્યક્રમો થયા છતાં અરજદારોને સ્થળ પર મળતા દાખલા કે અન્ય સરકારી દસ્તાવેજો મહિનાઓ સુધી મળતા નથી જયારે જે તે કચેરીઓમાં આ દસ્તાવેજો માટે અરજી કરે તો બે ચાર દિવસમાં મળી જાય તો સેવાસેતું નો મતલબ શું થયો ...? હાલ દરેક બાબતોમાં ખાસ જરૂરી એવા આવકના દાખલા કે જાતિના દાખલા માટે મામલતદાર કચેરીમાં અગાઉના `વાસેતું અરજદારોએ ભરેલા ફોર્મ ને છ મહિના જેવો સમય થવા છતાં હજુ મોટાભાગના અરજદારોને આ દાખલા મળ્યા નથી. પાલિકામાં આમ પણ રેગ્યુલર સ્ટાફની અછત છે છતાં વારંવાર આવા કાર્યક્રમોનું આયોજન થાય છે એ માટે પાલિકાની ટિમ મેહનત પણ સારી કરે છે પરંતુ જે તે ખાતામાંથી આવતા કર્મચારીઓ જાણે અરજદારોના ફક્ત ફોર્મ ભરવાજ ત્યાં આવતા હોય એમ મોટી સંખ્યામાં ફોર્મ ભરી કાર્યક્રમ પૂરો થયા બાદ અરજદારો એ ભરેલા ફોર્મ બાબતે જાણે કોઈ દરકારજ લેવાતી ન હોય એમ પાછળથી અરજદારો કચેરીઓના ધક્કે ચઢે છે અને પાલિકાના માથે ટોપલા ઢોળાય છે પરંતુ અરજદારોને ક્યાં ખબર હોય કે આ કામ કોનું છે અને ક્યાં અટવાયું છે એતો બસ પાલિકા દ્વારા કાર્યક્રમ રખાયો એટલે પાલિકા જવાબદાર એમજ સમજે છે.ત્યારે આ બાબતે લાગતા વળગતા અધિકારીઓને કલેક્ટર જ વા બ દા રી સમજાવશે...? જોકે પી એમ મોદી આવા કાર્યક્રમોનુ આયોજન એટલે કરાવે છે કે અરજદારોને ધરમ ધક્કા ના ખાવા પડે.

નાંદોદ મામલતદાર જાણે આ બાબતે અજાણ હોય એમ લાગ્યું

અગાઉના સેવાસેતુને છ મહિના જેવો સમય થઈ ગયો છતાં દાખલા મળ્યા નથી એવો સવાલ નાંદોદ મામલતદાર એ.કે.ભાટિયાને કરતા જાણે એ અજાણ હોય એમ લાગ્યું એમને જણાવ્યું કે દાખલા કદાચ ઈસ્યુ કરવાના બાકી હશે. ત્યારે સવાલ એ થાય છે કે છ છ મહિના જેવો સમય થવા છતાં હજુ અરજદારોના દાખલ કેમ ઈસ્યુ થયા નથી કોની જવાબદારી છે...? કોણ આળસ કરે છે...? એની તપાસ કોણ કરશે.

કુંવરપરા ગ્રામપંચાયતના સરપંચે ૧૪ સગર્ભા બેહનોને આપી મચ્છરદાની



આવનારા બાળકના સ્વાસ્થ્યની ચિંતા કરતા યુવા સરપંચની માનવતાભરી ભેટ

રાજપીપળા: કુંવરપરા ગ્રામપંચાયતના સરપંચ નિરંજનભાઈ વસાવા એ આજના ગ્લોબલ વોર્મિંગના માહોલમાં વારંવાર બદલાતી ઋતુ અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારીમાં મચ્છરોનો વધુ ઉપદ્રવ હોય ત્યારે માસુમ બાળક બીમાર ના પડે એ માટે ચિંતા કરતા ગામના સરપંચ એવા નિરંજનભાઈએ ગામની ૧૪ જેટલી સગર્ભા બહેનોને કુંવરપુરા ખાતે યોજાયેલ રશી કાર્યક્રમમાં મચ્છરદાનીનુ વિતરણ કરી આવનારા બાળકના સ્વાસ્થ્યની ચિંતા કરી માનવતાભર્યું પગલું લઈ કોઈ પણ સ્વાર્થ કે રાજકારણ વિના મચ્છરદાની ભેટ આપતા ગ્રામજનોએ એમનું આ પગલું આવકાર્યું હતું.

વાંસલના જંગલમાં ખુંખાર દીપડાએ સંતાયેલા ટ્રક ચાલકને ફાડી ખાધો, પીએમ બાદ ખબર પડશે

બોડેલીથી રેતી ભરી સુરત જતી ટ્રકના ચાલાક ખાણ ખનીજ વિભાગની રેડથી ગભરાઈને જંગલ તરફ ભાગી ગયો અને દીપડાનો શિકાર બન્યો

ગોરા રેન્જની ટીમે ચાલકને ખોરાક બનાવનાર દીપડો છે કે કયું વન્ય પ્રાણી છે તેની તપાસ હાથ ધરી

રાજપીપળા : ગરુડેશ્વરના વાંસલા ગામે રેતી ભરી સુરત જતો ટ્રક ચાલક ચેંગ થી ગભરાઈ ને જંગલ ઝાડીઓમાં સંતાઈ ગયો અને ત્યાં દીપડાનો કોળિયો બની ગયો સવારે મૃત હાલત માં જણાતા નર્મદા વન વિભાગ અને પોલીસની ટિમો ઘટના સ્થળે દોડી હતી જોકે હજુ મૃતકનો પીએમ રિપોર્ટ આવ્યા બાદ સત્ય બહાર આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર બિહારના અક્ષયકુમાર શ્રીરામવદન યાદવ તથા કંડક્ટર પવન યાદવ બંને બોડેલીથી ગત સાંજે રેતીની ટ્રક ભરી સુરત જતા હતા. ત્યારે નર્મદાના ગરુડેશ્વરથી પસાર થતા નર્મદા ખાણ ખનીજ વિભાગ ચેકીંગ કરતુ હોય ઓવરલોડ ટ્રક હોય કે પછી નસો કર્યો હોય પકડાઈ જવાના ડરે ટ્રક ચાલક વાંસલાગામ પાસે ટ્રક ઉભી રાખી જંગલ ઝાડી તરફ ભાગી ગયો હતો ત્યાં ઝાડીઓમાં કોઈ ખુંખાર વન્ય પ્રાણી ખોરાકની શોધમાં હોય આ સંતાયેલો ચાલક અક્ષયકુમાર યાદવ તેનો કોળિયો બની ગયો, આ દીપડા જેવા જંગલી પ્રાણીએ આ ચાલકને મોઢાના ભાગે અને પગના ભાગે બાચકા ભરી જાનથી મારી નાખ્યો હતો જેની સવારે ખબર પડી કે કોઈનો મૃત દેહ પડ્યો છે ત્યારે તપાસ બાદ આ ટ્રક ચાલક હોવાનું જાણવા મળ્યું એ બાબતે ગરુડેશ્વર પોલીસ દોડી આવી અને ગોરા રેન્જના કર્મીઓ આવ્યા બાદ આ મૃતદેહને પોલીસે પીએમ માટે મોકલ્યો હતો હવે પીએમ બાદ સત્ય બહાર આવે એમ છે



પ્રાથમિક તપાસમાં નખના નિશાન જોતા દીપડો હોય એમ લાગે છે:આરએફઓ

આ બાબતે ગોરા રેન્જના આર.એફ.ઓ.વિરેન્દ્રસિંહ ધરિયા એ જણાવ્યું હતું કે પ્રાથમિક તબક્કે પગના નિશાન અને નખોરિયાં જોતા દીપડો લાગે છે જોકે અહીયા ખુંખાર અન્ય પ્રાણીઓ પણ છે ત્યારે પોલીસના રિપોર્ટ બાદજ ખબર પડશે હાલ કાંઈ કહી શકાય નહિ ની વાત કરી હતી.

બીલીમોરાના યુવકને કેનેડામાં નોકરી આપવાના બહાને છેતરી લેવાયો

રૂા.૯.૧૫ લાખ પડાવી લેવાતા પોલીસ ફરિયાદ

સુરત

બીલીમોરામાં રહેતા યુવાનને વિદેશ કેનેડા મોકલવાના બહાને અમદાવાદના સ્ટુડન્ટ સ્ટેમ્પ ગ્રેજ્યુએશન સર્વિસના સંચાલકોએ ૯,૧૫૦૦૦ રૂપિયા પડાવી લઈ કેનેડા નહીં મોકલાવતા ચકચાર મચી છે. આ અંગે બીલીમોરા પોલીસમાં ભોગ બનનાર યુવાનની માતાએ બે શખ્સો વિરૂદ્ધ છેતરપિંડી વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર બીલીમોરા ગોહર બાગ ખાતે રાજવી કોમ્પ્લેક્ષમાં રહેતાં ચિંતનભાઈ સોમનાથભાઈ મિસ્ત્રીનો માર્ચ ૨૦૧૭માં અમદાવાદની સ્ટુડન્ટ સટેમ્પ એજ્યુકેશન સર્વિસ, નેગો કોમ્પ્લેક્ષ, લુધીયાણા, અમદાવાદ તથા રીપલકુમાર ગોપાલભાઈ ગજ્જર રહે. જય હાટકેશ્વર સોસાયટી રાણીપ, અમદાવાદ સંપર્ક કરી વિદેશ કેનેડા વર્ક પરમીટ ઉપર નોકરીએ મોકલવા માટે જણાવ્યું હતું. આથી ચિંતને તેની માતા મહિસાબેન મિસ્ત્રીએ કેનેડા વર્ક પરમીટ મોકલવા માટે અવર નવર અલગ અલગ ફી પેટે રૂા.૯,૧૫૦૦૦ જમા કરાવ્યા હતા. પરંતુ ઘણો સમય વીતી જવા છતા ચિંતનને કેનેડા ખાતે વર્ક પરમીટના વીઝા ન મળતા તેઓ શિવાની શ્રીવાસ્તવ અને રીખલકુમારનો સંપર્ક કરતા તેઓ ઉડાવ જવાબો આપવા લાગ્યા હતા અને આજસુધી ચિંતનને કેનેડા વર્ક પરમીટ ઉપર નોકરીએ નહીં મોકલાવતા ચિંતનની માતાએ પોતાના રપિયા પરત આપી દેવા માંગણી કરી હતી.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ સમાધાનો સુલભ પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની લોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ બધી વિગતે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા ઇન્સેન્ટીવની રકમોના રૂપિયા કામ મુજબ ચેક આપવામાંથી સુવિધા જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની
એકત્રિત કરેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-

(PLAN - A)
જાકીના ૧૭૫૦/- (સોટો મોકલી કમાવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
પેતા માટે સાથે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૭૦૦/- (સોટો મોકલી કમાવી)
આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
પેતા માટે સાથે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

શ્રી નર્મદા જયંતિ મહોત્સવ નિમિત્તે ભાલોદ ગામે
આહ થી વાહ સુધી તેમજ મનોરંજન થી મનોમંથન સુધીનો
આજના વર્તમાન સમયમાં મા-બાપ અને સંતાનો, સાસુ અને વહુના હૃદય પરીવર્તન કરતો કાર્યક્રમ એટલે.....
માં-બાપનો ભૂલશો નહી
આંખમાથી આંસુ પડાવતો, હાથમાં રૂમાલ રાખવા મજબૂર કરતો
આ કાર્યક્રમથી કોઈ દિકરામાં રામ-શ્રવણ અને કોઈ વહુમાં જાનકી જાગી જાય...
જો...જો... રખે ન ચુકતા પોતાના સંતાનો, પરીવાર સાથે જાણો અને માણો...
કલાકાર
શ્રી અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોશી
આમંત્રીત મહેમાન :- શ્રી લક્ષ્મણબાપુ બારોટ
તા-૧૨/૨/૨૦૧૯ મંગળવાર
સમયઃ- રાત્રે ૯-૦૦ કલાકે
-: સ્થળ :- શ્રી ગાયત્રી મંદિર ભાલોદ
-: આયોજક :- સમસ્ત ભાલોદ ગામજનો ભાલોદ



ભરૂચ જિલ્લાના આમોદ ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેક્ટર રવિકુમાર અરોરાના અધ્યક્ષપદે મળેલી બેઠક

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં ચાલુ વર્ષે આગામી ૨૬ મી જાન્યુઆરી - ૨૦૧૯ પ્રજાસત્તાક પર્વની ભરૂચ જિલ્લાના આમોદ ખાતે જિલ્લાકક્ષાની ઉજવણી થનાર છે, ત્યારે આ ઉજવણી વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમોના આયોજન સાથે આન-બાન-શાનથી થાય તે માટે જિલ્લા કલેક?ટર રવિકુમાર અરોરાના અધ્યક્ષપદે ભરૂચ કલેક્ટરાલય ખાતે બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેક્ટર રવિકુમાર અરોરાએ જણાવ્યું હતું કે, જિલ્લાકક્ષાની યોજાનારી પ્રજાસત્તાક પર્વની આ ઉજવણીમાં સવારે પ્રભાતફેરી, ધ્વજવંદન બાદ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભક્તિના ગીતો સહિતની વિવિધ કૃતિઓ રજૂ થાય તે માટેનું આયોજન, પોલીસ બેન્ડની મધૂર સુરાવલીઓ વચ્ચે પોલીસ, એસ.આર.પી., હોમગાર્ડ જવાનો, એ ન . સી . સી . , એન.એસ.એસ.ના છાત્રોની પ્લાટૂનોની માર્ચ-પાસ્ટનું પણ સુંદર આયોજન હાથ ધરાય તેનું જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

આ ઉજવણીમાં શિક્ષણ, આરોગ્ય, આદિજાતિ વિકાસ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સંકલિત બાળ વિકાસ, ૧૦૮ એમબ્યુલન્સ સેવા, વન વિભાગ, પોલીસ વિભાગ, પી.ડબલ્યુ.ડી. વગેરે જેવા વિવિધ સરકારી વિભાગો તરફથી થીમબેઝ આધારિત વિવિધ ટેબ્લો પણ રજૂ થાય તેવું ઘનિષ્ઠ આયોજન હાથ ધરવા અમલીકરણ અધિકારીઓને સુચના અપાઈ હતી. સ્વાતંત્ર્ય સેનાનીઓ ઉપરાંત જિલ્લાના વિવિધ વિભાગોમાં જે તે ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓ તથા જિલ્લાનું ગૌરવ વધારનાર તેજસ્વી પ્રતિભાઓની વિગતો પણ તૈયાર કરવા જરૂરી સુચના અપાઈ. પ્રજાસત્તાક પર્વની આ ઉજવણી દરમિયાન વિવિધ સરકારી કચેરીઓ રોશનીથી ઝળહળી ઉઠે તથા સમાજના તમામ વર્ગો, સંગઠનો, જાહેર-સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રજાજનોને રાષ્ટ્રીય પર્વની આ ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લે તેવું આયોજન હાથ ધરવા જરૂરી સુચનાઓ અમલીકરણ અધિકારીઓને આપવામાં આવી.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર આઇ.જે.માળી, પ્રાંત અધિકારી - જંબુસર, નગરપાલિકાના ચીફ ઓફિસર જિલ્લાના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા



નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોની વરણી

રાજપીપળા:નર્મદા જિલ્લા વીએચપી અધ્યક્ષ નિશિથ ટેલરની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી.જેમાં નર્મદા જિલ્લા વીએચપી અધ્યક્ષ તરીકે નિશીથ ટેલર,ઉપાધ્યક્ષ તરીકે અજીતસિંહ રાઠોડ,મંત્રી તરીકે રોહિત વસાવા,સહમંત્રી તરીકે હરનિશ સોની,બજરંગદળ સંયોજક તરીકે પ્રજ્ઞેશ રામી,બજરંગદળ સહ સંયોજક તરીકે કૌશિક પટેલ,સત્સંગ પ્રમુખ તરીકે સુરેશ પાટણવાડિયા,દુર્ગાવાહિની પ્રમુખ તરીકે સ્નેહા ઋષિ,રાજપીપળા શહેર પ્રમુખ તરીકે અંકુર ઋષિ અને નાંદોદ તાલુકા અધ્યક્ષ તરીકે અલ્પેશ પટેલની વરણી કરાઈ છે.

રતન તળાવમાં કાચબાના મોતથી રહિશો અકળાયા, કાચબાની નનામી રોડ પર મુકી કર્યો ચક્કાજામ



રહિશોએ રતન તળાવથી કલેક્ટર કચેરી સુધી, કલેક્ટર,પાલિકા તંત્ર અને જંગલખાતા વિરૂધ સુત્રોચ્ચાર કરી સ્મશાનયાત્રા કાઢી.

ભરૂચ ખાતે આવેલ રતન તળાવમાં વધુ એક કાચબાના મોતથી રહીશઓમાં આક્રોશ જોવા મળ્યો છે. જેથી તંત્રની ઊંઘ ઉડાડવા રોષે ભરાયેલા રહીશોએ પાંચબત્તી બે મૃત કાચબાની નનામી મુકી ચક્કાજામ કરી પોતાનો વિરોધ પ્રદર્શીત કરી ક્લેક્ટરાલય સુધી સ્મશાન યાત્રા કાઢી હતી.

છેલ્લા કેટલાય સમયથી ભરૂચનું રતન તળાવ વિવાદમાં છે. જેમાં તેની સફાઈ ન થવાના પગલે તેમાં રહેલા અલભ્ય એવા એતિહાસિક કાચબાઓના એક પછી એક મોત નીપજતા સ્થાનિકો સહિતના જીવદયા પ્રેમીઓની લાગણી દુભાઈ છે. તંત્રના પાપે નામશેષ થઈ રહેલા રતન તળાવની શુદ્ધિકરણની કામગીરીનો વિવાદ અને રજૂઆતો બાદ તળાવના શુધ્ધિકરણ અને કૃતિમ તળાવ બનાવી કાચબાઓને સ્થળાંતરીત કરવાની કામગીરી છેલ્લા કેટલાય દિવસથી બંધ હતી. દરમિયાન તળાવની બાજુમાં બનાવેલા કુત્રિમ કુંડમાં રાખવામાં આવેલા કચબાઓ પૈકી બે કાચબાઓનું છેલ્લા ૧૦ દિવસમાં મૃત્યુ થયું હતું.

આજે કાચબાનું મોત થતા સ્થાનિક લોકોમાં રોષ જોવા મળ્યો હતો. તંત્રના પાપે નામશેષ થતા આ અલભ્ય કાચબાઓના મોત થતા કાચબાની નનામીને પાંચબત્તી ખાતે મૂકી જીવદયા પ્રેમી અને સ્થાનિક રહીશોએ ચક્કાજામ કર્યો હતો. રહિશો અને જીવદયા પ્રેમીઓએ રતન તળાવથી કલેક્ટર કચેરી સુધી કલેકટર, નગરપાલિકા અને જંગલખાતા વિરોધી સૂત્રોચ્ચાર સાથે કાચબાની અંતિમયાત્રા કાઢતા લોકોમાં દુઃખ સાથે આક્રોશ જોવા મળ્યો હતો ત્યારે આ મોત અને લોકોના આક્રોશ બાદ પણ નફ્ફટ તંત્ર ની ઊંઘ ઉડે છે કે નહીં એ જોવું રહ્યું.

રાજપીપળાની વિરપોર ચોકડી પાસે મહારાષ્ટ્રથી કપાસ ભરીને નીકળેલી ટ્રક પલટી મારતા કંડક્ટરનું ઘટનાસ્થળે મોત

૩ કલાકની જહેમત બાદ પલટી મારેલી ટ્રકમા ફસાયેલા ચાલકને બે ક્રેનની મદદથી બહાર કઢાયો

રાજપીપળા :રાજપીપળાની વિરપોર ચોકડી પાસે આજે વહેલી સવારે અકસ્માતમાં મહારાષ્ટ્રના પહુર ગામેથી નીકળેલી ટ્રક નંબર સ્ૐ-૧૯-ઢ-૬૮૩૦માં ચાલક દિલીપ.જે.હુડેકર(જિલ્લો-બુલડાના, તા-મોતાળા,ગામ-ધામનગાઉ બઢે)કંડકટર ઇશાક ઉર્ફે બુડણ અજિત ઉર્ફે અજજુ શેખને લઈને કપાસ ભરી ગુજરાતના કડી કલોલ ગામે જઈ રહ્યો હતો.દરમિયાન નેત્રંગ તરફથી પસાર થતી રાજપીપળાની વિરપોર ચોકડી પાસે ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા એમની ટ્રક પલટી મારી ગઈ હતી.આ અકસ્માતમાં ચાલક અને કંડકટર ટ્રક નીચે દબાઈ ગયા હતા જેમાં કંડકટર



ઇશાક ઉર્ફે બુડણ અજિત ઉર્ફે અજજુ શેખનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.જ્યારે ચાલકને લગભગ ૩ કલાકની જહેમત બાદ જેમ તેમ કરીને ૨ ક્રેનની મદદથી બહાર કાઢયા બાદ ૧૦૮ ઇમરજન્સી વાન દ્વારા રાજપીપળા સિવિલ હોસ્પિટલમા સારવાર અર્થે ખસેડાયો હતો.આમલેથા પોલીસે અકસ્માત મામલે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજપીપળાના અમુક વિતારોમાં અઢી મહિને અપાતા લાઈટ બીલોથી ગરીબ ગ્રાહકો પર વધતો બોજ

આમતો દર મહિને લાઈટ બીલો અપાય તો ગ્રાહકોને યુનિટ મુજબ બિલ ઓછું મળે પરંતુ પહેલેથીજ બે મહિને બીલો આપતા હતા હવે અઢી મહિને આવતા લોકોમાં રોષ

રાજપીપળા : રાજપીપળા શહેરના અમુક વિસ્તારના ગ્રાહકો સાથે વીજ કંપનીનો સ્ટાફ જાણે ઓરમાયું વર્તન કરતો હોય એમ દરબાર રોડ ભાટવાડા સહિતના મોટાભાગના વિસ્તારોમાં પંદર દિવસ પેહલા લાઈટ બીલો ફાડી જાય છે પરંતુ દરબાર રોડ પરજ આવેલી અમુક ગલીયોમાં ઘણા સમયથી અઢી મહિને બીલો ફાડવામાં આવે છે જેના કારણે યુનિટ વધતા ગ્રાહકો પર યુનિટના કોષ્ટક મુજબના ભાવ પ્રમાણે બિલ વધી જાય છે ત્યારે આવી સ્તિથી શહેરના ઘણા વિસ્તારનીમાં છે હાલમાંજ પંદરેક દિવસ પેહલા દરબાર રોડ લાઈબ્રેરી સહિતના અમુક વિસ્તારમાં લાઈટ બીલો આપાઈ ગયા અને એમાંથી મોટાભાગના ગ્રાહકોએ બીલો ભરી પણ દીધા છતાં પારેખ ખડકી સહિતના દરબાર રોડની અમુક ગલિયોમાં હજુ મીટર રીડર બીલો ફાડવા ફરક્યાંજ નથી ત્યારે અઢી મહિના ઉપરનો સમય થવા છતાં ગ્રાહકોને બિલ ન મળતા રોષ જોવા મળે છે આમ તો દર મહિને બીલો ફાડે તો ગ્રાહકોના માથે ભારણ ઓછું આવે એ બાબતે અગાઉ મહિલા મંડળની બેહનોએ રજુઆત પણ કરી હતી છતાં તંત્રની આળસ હજુ ખંખેરાઈ નથી તો જિલ્લા કલેક્ટર આ માટે પગલાં લેશે...?

અમારી પાસે સ્ટાફ ઘણો ઓછો છે માટે આમ થાય છે : વી જી ચૌધરી

રાજપીપળા વીજ કંપનીના મુખ્ય ઈજનેર વી જી ચૌધરીએ સ્પષ્ટ વાત કરતા જણાવ્યું કે મારી પાસે સ્ટાફ ઓછો છે માટે અમે અમુક એરિયામાં સખી મંડળની બહેનો મુકેલા છે મારી પાસે અમારા રેગગુલર ચાર માણસો છે માટે અમુક વિસ્તારમાં બીજા ચાર સખી મંડળના બેહનો મુક્યા છે માટે લેટ થાય છે પણ હું રેગ્યુલર થાય એમ કરાવું છું.

મહારાણા પ્રતાપ પ્રા.શાળામાં પ્રયોગ નિદર્શન કાર્યક્રમ યોજાયો

સુરત

વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય અને પ્રયોગો દ્વારા સ્વાનુભવથી જ્ઞાન પ્રાપ્ત કરે આશયથી તેવા ન.પ્રા.શિ.સ.,સુરત સંચાલિત મહારાણા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ ''પ્રયોગ નિદર્શન'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓએ વિવિધ પ્રયોગો રજૂ કર્યા હતા.શાળાના વિજ્ઞાન શિક્ષકો : રાજશ્રીબહેન પટેલ, હર્ષાબહેન ભીમાણી, નિલેશભાઈ સંઘાણી અને હરસુખભાઈ રામાણી વગેરે શિક્ષકોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મહારાણા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી મિતેશભાઈ પ્રજાપતિએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર કૃતિઓ રજૂ કરવા બદલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.









સ્ટેચ્યુના કારણે ટ્રાફીક વધતા રોજિંદા અકમાતોમાં વધારો

કેવડિયા અને ગરુડેશ્વર હાઈવે રોડ પર પુરપાટ જતા વાહનોના કારણે બે અકસ્માતમાં બેના મોત

મંગળવારે સ્ટેચ્યુ પાસે પતંગોત્સવના કારણે હાઈવે માર્ગ પર ટ્રાફિક વધતા અકસ્માત થયા જેમાં તડવી પરિવારની એક વૃદ્ધા સહીત બે મોત

રાજપીપીલા : નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ના કારણે અકસ્મતોનો સિલસિલો વધી રહ્યો છે જેમાં ખાસ કરીને કેવડિયા ગરુડેશ્વર રોડ પર રોજ થતા અકસ્માતો માં લોકો મોતને ભેટે છે ત્યારે ત્યાં તાત્કાલિક પોલીસ પોઈન્ટ મુકવા જરૂરી થઈ પડ્યા છે .

ગતરોજ મંગળવારે કેવડિયા જતા હાઈવે રોડ પર પુરપાટ જતી એક ગાડી નં.એચ પી ૫૬ એ ૨૪૦૦ ના ચાલકે મો.સા.નં.જીજે ૨૨ ઈ ૧૫૦૩ ને અથાડતાં મો.સા.પર જતા રમેશભાઈ વિઠ્ઠલભાઈ તડવી તેમની પત્ની હંસાબેન આર તડવી અને પુત્ર જીગર ને અકસ્માતમાં ફંગોળી દેતા ત્રણેયને ગંભીર ઈજાઓ થઈ હતી જેથી ત્રણેયને સારવાર માટે ગરુડેશ્વર દવાખાને ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન રમેશભાઈ તડવી (૪૨) નું મોત થયું હોય આ બાબતે એમના પત્ની હંસાબેને રાજપીપળા પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી .

જયારે બીજો અકસ્માત ગરુડેશ્વર ના મોટીરાવલ ગામ પાસે થયો જેમાં મો.સા.નં.જીજે ૬ જે એચ નં.ના ચાલકે પોતાની મો.સા.બેફામ હંકારતા દુકાનેથી સમાન લઈ પરત ઘરે ફરતા રૂબીબેન કેશુરભાઈ તડવી (૬૦) ને ટક્કર મારતા ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમિયાન એમનું પણ મોત નીપજ્યું હોય આ બાબતે કવિતાબેન તડવીએ ગરુડેશ્વર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ભરૂચના કવીઠા ગામેથી વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાંએ જીલ્લામાં પ્રોહી તથા જુગારના ગુનાઓ શોધી કાઢવા આપેલ માર્ગદર્શન તથા ઈન્ચાર્જ પો.ઈન્સ.કે.જે.ઘડુકની સીધી સુચના આધારે પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ એલ.સી.બી ભરૂચની ટીમને બાતમીના આધારે કવીઠા ગામ ભાથીજી મંદિર જુની વસાહત ખાતેથી આરોપી કિર્તન ઉર્ફે કિરણ અમરતલાલ વસાવા રહે.કવિઠા ગામ ભાથીજી મંદિર પાસે જુની વસાહત તા.જી.ભરૂચ નાઓને ભારતીય બનાવટનો વિદેશી દારૂ કુલ ક્વાટર તથા બોટલ નંગ-૮૬ કિ.રૂ.૯,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૪,૦૩૦/- તથા મોબાઈલ નંગ-૨ કિ.રૂ.૫૫૦૦/- કુલ્લે મુદ્દામાલ કિ,રૂ.૧૮,૫૩૦/- પકડી પાડી વધુ તપાસ અર્થે નબીપુર પો.સ્ટે. તરફ મોકલી આપેલ છે.

કરૂણા અભિયાન અંતર્ગત જનજાગૃતિ અર્થે ભરૂચ ખાતે શાળાના બાળકોની જનજાગરણ રેલી યોજાઈ



ભરૂચ: કરૂણા અભિયાન - ૨૦૧૯ અંતર્ગત ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને થતી ઈજાઓ અને મૃત્યુના બનાવો અટકાવવાના અભિયાન અંતર્ગત લોક સંવેદના જાગૃત કરવા તેમજ કરૂણા અભિયાનને સફળ બનાવવા પ્રચાર અને પ્રસાર અર્થે ભરૂચના શ્રવણ ચોકડીથી નાયબ વન સંરક્ષકની કચેરી સુધી શાળાના બાળકોની જનજાગરણ રેલીનું નાયબ વન સંરક્ષક એમ.આર.સોલંકીએ લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે વન વિભાગના અધિકારીગણ, શાળાના શિક્ષક, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં શાળાના બાળકો રેલીમાં જોડાયા હતા. વન વિભાગની કચેરીએ શપથ લેવામાં આવ્યા હતા.

નાયબ વન સંરક્ષક સોલંકીએ પતંગના દોરાથી પક્ષીઓને થતી ઈજાથી બચાવવા અને ઘાયલ પક્ષી જોવા મળે તો તાત્કાલિક પશુ દવાખાને લઈ જવા પર્યાવરણ પ્રેમી સંસ્થા કે વ્યક્તિને અથવા તો વન વિભાગ ભરૂચ તથા હેલ્પ લાઈન નંબર - ૦૨૬૪૨-૨૬૯૦૬૫, ૦૨૬૪૨-૨૨૭૩૨૧, ૦૨૬૪૨-૨૪૬૭૦૩ ઉપર આવી ઘટના અંગે જાણ કરવા સામાજિક વનીકરણ વિભાગ ધ્વારા અપીલ કરવામાં આવી છે.

બીલીમોરાના તાંત્રિક વિરુદ્ધ બળાત્કારનો ભોગ બનેલી પીડિતાનું પોલીસમાં નિવેદન

તાંત્રિક સાપુતારાના ગેસ્ટ હાઉસમાં બળાત્કાર ગુજારતો હતો

સુરત

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં સૌથી ચર્ચાસ્પદ બિલીમોરાના તાંત્રિકના પ્રકરણમાં અન્ય એક યુવતિએ આ ગુનાની તપાસ કરનાર પીઆઈ રાઠોડ સમક્ષ સ્ફોટક નિવેદન આપ્યું હતું. જેમાં તેણીએ જણાવ્યું હતું કે, તાંત્રિક શૈલેષ નાયકાએ મને ભ્રમિત કરીને મારી સાથે વારંવાર શરીર સંબંધ બાંધી વીડિયો ક્લિપ ઉતારી હતી. જોકે, તાંત્રિક યુવતિને હંમેશા સાપુતારાના વૈશાલી ગેસ્ટ હાઉસ ખાતે લઈ યુવતીના મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધતો હતો.

આ કેસની વિગતો એવી છે કે, બીલીમોરાના તાંત્રિક શૈલેષ નાયકા તાંત્રિકવિધિ કરવાના બહાને જુદી-જુદી ત્રણ યુવતીઓને સાપુતારા ખાતે લઈ જતો હતો. જ્યાં વૈશાલી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ યુવતીઓ સાથે બળાત્કાર ગુજારી વીડિયો કલીપ ઉતારતો હતો. ૨૧ વર્ષની બ્યુટી પાર્લર ચલાવતી ચીખલીની યુવતીએ બીલીમોરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી તાંત્રિક નાયકાની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી ત્રણ સ્વીફ્ટ કાર પણ કબજે કરી હતી. આ ગુનામાં વાયરલ કરાયેલા વીડિયો તે જોનારા અને અશ્લીલ વીડિયો જોયા બાદ ફરી પાછો વીડિયો વાયરલ કરનારા ૯ ઈસમોના પોલીસે નિવેદનો નોંધ્યા હતા. વલસાડ ખાતે રહેતી અને કોળી પટેલ સમાજની એક અપરિણીત યુવતીએ પણ પોલીસ સમક્ષ નિવેદન નોંધાવ્યું હતું કે, તાંત્રિક શૈલેષ નાયકાએ મને ભ્રમિત કરીને વારંવાર શરીર સંબંધ બાંધ્યો હતો અને સાથે- સાથે વીડિયો ક્લિપ પણ ઉતારી હતી.

પિયરમાં આવેલી યુવતી સાથે ગામના યુવાનનો ઝગડો થયા બાદ ઝેરી દવા પીનાર યુવતીનું મોત

રાજપીપળા : નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના મોરઝડી ગામમા રહેતી રંગીતાબેન અશ્વિનભાઈ વસાવા ઉ.વ.(૨૦) ગતરોજ પોતાના પિયરમાં અકલીજ હતી ત્યારે તેનાજ ગામનો નિલેશ અમરસીગભાઈ વસાવા ત્યાં આવેલો અને કોઈ કારણસર બંને વચ્ચે બોલાચાલી બાદ ઝગડો થયેલો જેના કારણે રંગીતાબેને મનમાં લાગી આવતા તેણીએ પોતાની જાતે ઝેરી દવા પી જતા સારવાર માટે લઈ ગયેલ ત્યાં સારવાર દરમિયાન તેનું મોત



થયું હતું આ બાબતની પોલીસને જાણ થતા પોલીસે તપાસ હાથ ધરી છે.તપાસ ડેડીયાપાડા પીએસઆઈ કે એલ ગળચર કરી રહ્યા છે.

ચીકનના નાના ટૂકડા કરવાના મુદ્દે દુકાનદારે ગ્રાહક મહિલાને ફટકારી

સુરત

કડોદરા-ચલથાણ જીઆઈડીસી ખમનાર્સિંગની વાડી ચીકનની દુકાન પર નજીવી બાબતમાં ગધેડો થતા લાકડીનો સપાટો ચીકનની દુકાનના માલિકે મહિલાના માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ બિહાર રાજ્યના જહાનાબાદ જિલ્લાના વતની અને હાલમાં પલસાણા તાલુકાના કરાડા ગામ સ્વસ્તિ રેસિડેન્સી ખાતે પાર્વતિબેન સુરજનાથસિંગ રાજપૂત રહે છે. તેઓ ઘરકામ કરે છે. ગતરોજ તેઓ ચલથાણ ખમનાસિંગની વાડી પાસે આવેલી એક ચીકનની દુકાનમાં ચીકન લેવા ગયા હતા. અને ચીકનના નાના-નાના પીસના ટુકડાની માંગણી કરી હતી. તેના બદલે વેપારીએ ચીકનના મોટા પીસ આપી દેતા મહિલાને લેવાની ના પાડતા તમે ટાઈપ પાસ કરવા આવો છો? તેમ જણાવી લાકડાના ફટકા વડે માથાના ભાગે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. અજિત શાહીનામના ચીકનના વેપારી સામે મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.